એંગ્લો વર્નાક્યુલર સ્કુલના અને ગુજરાતી સ્કુલના

ઉપલા ધોરણના વિદ્યાર્થીઓને માટે—

ભૂગોળ વિદ્યા.

એશિયા, હિંદુસ્તાન, યુરોપ, આફ્રિકા,
અમેરિકા અને આસ્ત્રેલીયા ખંડની
મુખ્ય હકીકત સહિત.

પ્રસિદ્ધ કર્તા.

પરભુદાસ નાગરદાસ કીનારીવાળા.

મેમ્બર લો. હિ. સભા—ભરૂચ.

મુ. સૈયદપરા શ્રાવકપોળ—સુરત.

આવૃત્તિ ત્રીજી.

ગ્રંથ સ્વામિત્વના સર્વ હક્ક સ્વાધીન રાખ્યા છે.

Registered under act XXV of 1867.

સુરત

'દેશીમિત્ર' પ્રેસમાં કાશીદાસ ભગવાનદાસે છાપી.

સન ૧૮૯૯. સંવત ૧૯૫૫

કિમ્મત રૂ ૦—૨—૦

૭૦૦૦

પ્રસ્તાવના.

ગુજરાતી ભાષામાં છાપેલી કેટલીક ભૂગોળવિદ્યા હોવા છતાં ઘણી ખરી ઇંગ્રેજી તેમજ ગુજરાતી નિશાળોમાં શિક્ષકો વિધ્યાર્થીઓની સગવડ માટે નોટ લખાવે છે. તેમજ અનુભવથી માલમ પડે છે કે એવી નોટની જરૂર છે. માટે કેટલીક ઇંગ્રેજી તથા ગુજરાતી ભૂગોળ વિદ્યાને આધારે ટુંકાણમાં સઘળી બાબત આવી જાય એવી આ નોટરૂપી ભૂગોળ વિદ્યા પ્રસિધ્ધ કીધી છે. આ ચોપડી અંગ્રેજી સ્કૂલના પહેલા, બીજા અને ત્રીજા ધોરણના વિદ્યાર્થીઓને તેમજ ગુજરાતી નિશાળોના ચોથા, પાંચમાં અને છઠ્ઠા ધોરણના વિધ્યાર્થીઓને પણ ઘણીજ ઉપયોગી થઇ પડશે. એમાં એશિયા, યુરોપ, આફ્રિકા, અમેરીકા, આસ્ટ્રેલીઆ અને હિંદુસ્તાનનું વધારે હકીકત વાર બ્યાન આપેલું છે. નકશા સાથે આ ચોપડી શીખવવાથી વિધ્યાર્થીઓને ટુંક મુદતમાં થોડી મેહેનતે સેહેલાઇથી ભૂગોળવિદ્યાનું જોઇએ તેવું સારૂં જ્ઞાન મળશે. હરકોઇ શિક્ષક આ ચોપડી લક્ષ પૂર્વક તપાસવા તસ્દી લઇ પોતાના વર્ગના વિધ્યાર્થીઓને આ ચોપડી ખરીદવા ભલામણ કરશે એવી આશા છે. થોડી મુદતમાં એ આવૃત્તિ ખપી ગઇ છે, તે ઉપરથી ખાતરી થશે કે એ ચોપડી ઘણી ઉપયોગીછે.

લી૦ પરભુદાસ નાગરદાસ.

ભૂગોળ વિદ્યા.

વ્યાખ્યાઓ

જમીનના ભાગ.

ખંડ—જમીનના જે મોટા ભાગોમાં ઘણા દેશો આવેલા હોય તેને ખંડ કહે છે.

બેટ કે દ્વીપ—ચારે બાજુએ પાણીથી ઘેરાયલા જમીનના ભાગને બેટ અથવા દ્વીપ કહે છે. એથી ઉલટું "સરોવર."

દ્વીપકલ્પ—જમીનનો જે ભાગ ત્રણ બાજુએ પાણીથી અને એક બાજુએ જમીનથી ઘેરાયલો હોય તેને દ્વીપકલ્પ કહે છે. એથી ઉલટું "ઉપસાગર."

સંયોગીભૂમી—જે સાંકડો જમીનનો ભાગ જમીનના બે મોટા ભાગને સાંધે છે તેને સંયોગી ભૂમિ કહે છે. એથી ઉલટું "સુદ્રધુની."

ભૂશિર—જમીનની જે અણી વાળી થઈને સમુદ્રમાં ગયેલી હોય તેને ભૂશિર કહે છે. એથી ઉલટું "અખાત."

પર્વત, પહાડ—જમીનનાં ઘણાજ ઉંચા ભાગને પર્વત અને થોડા ઉંચા ભાગને પહાડ કહે છે, અને નીચેથી જોડાયલા ડુંગરોને ડુંગરોની હાર કહે છે.

રણ—જમીનના જે ભાગમાં તમામ રેતી સિવાય બીજું કાંઇ હોતું નથી તેને રણ કહે છે.

પાણીના ભાગ.

મહાસાગર—સૌથી મોટા પાણીના ભાગને મહાસાગર કહે છે.

સમુદ્ર—મહાસાગરથી નાના પાણીના ભાગને સમુદ્ર કહે છે.

અખાત—જમીન ઉપર લાંબા ગયેલા સમુદ્રના ફાંટાને અખાત કહે છે.

ઉપસાગર—પહોળા મ્હોંડાવાળા અખાતને ઉપસાગર કહે છે.

સામુદ્રધુની—પાણીના બે મોટા ભાગને સાંધનારા પાણીના નાના સાંકડા ભાગને સામુદ્રધુની કહે છે.

સરોવર—ચારે દિશાએ જમીનથી ઘેરાયલા પાણીના ભાગને સરોવર કહેછે.

નદી—મીઠા પાણીનો જે પ્રવાહ પર્વતમાંથી કે સરોવરમાંથી નીકળી ઢળતી જગ્યામાં થઇ સમુદ્રને મળે છે તેને નદી કહે છે.

નદીનું મૂળ અને મુખ—જે જગ્યાએથી નદી નીકળે છે તે જગ્યાને તેનું મૂળ અને જ્યાં સમુદ્રને મળે છે તે જગ્યાને મુખ કહે છે.

પૃથ્વી.

પૃથ્વીનો આકાર ગોળ દડા જેવો છે; એના પૂર્વ ભાગને પૂર્વ ગોળાર્દ્ધ અને પશ્ચિમ ભાગને પશ્ચિમ ગોળાર્ધ્ધ કહે છે.

પૂર્વ ગોળાર્ધમાં—એશિયા, યૂરોપ અને આફ્રિકા એ ત્રણ ખંડ છે; એ ત્રણ ખંડોને **જૂની દુનીયા** કહે છે. અને પશ્ચિમ ગોળાર્ધમાં અમેરિકા ખંડ છે, તેને **નવી દુનિયા** કહે છે, કારણ કે ઇ. સ. ૧૪૯૨ માં કોલંબસ નામના વહાણવટીએ એ ખંડ શોધી કાઢયો, ત્યાં સુધી તેની હયાતી વીશે કોઇ જાણીતું નહોતું.

ઉપલા ચાર ખંડ શીવાય કેટલાક બેટોનો બનેલો પાંચમો ખંડ પૂર્વ ગોળાર્ધમાં છે, તેને આસ્ટ્રેલિયા કહે છે.

પ્રકરણ ૧ લું.

એશિયા ખંડ.

એશિયાની સીમા—ઉત્તરે ઉત્તર મહાસાગર; પશ્ચિમે ચૂરલ પર્વત, ચૂરલ નદી, કારપીઅન સમુદ્ર, કાકેસસ પર્વત, કાળો સમુદ્ર, મારમોરા સમુદ્ર, આર્કિપેલેગો સમુદ્ર, ભૂમધ્ય સમુદ્ર, સુવેજની નહેર અને રાતો સમુદ્ર; દક્ષિણે હિંદી મહાસાગર અને પૂર્વે પાસિફિક મહાસાગર છે.

એશિયાના દેશો તથા તેમના ભાગ અને રાજધાની તથા મુખ્ય મોટાં શેહેરો નીચે પ્રમાણે છે:—

(નીચે લખેલા દરેક દેશની સીમા નકશા ઉપરથી શીખવવી)

દેશોના નામ. **રાજધાની અને મુખ્ય શેહેરો.**

(૧) બલૂચિસ્તાન.........ખિલાત, ગંડાવા, કવેટા અને દાદર.

(૨) અફગાનિસ્તાન.........કાબુલ, કાબુલ નદીપરછે; ગીજની, કંદહાર, હેરાત અને પેશાવર.

(૩) ઇરાન...................તેહેરાન; ઇસ્પહાન, શિરાજ, તબ્રિજ, યજદ, અસ્તરાબાદ, મશદ અને બુશીર.

(૪) અરબસ્તાન. ....મક્કા, મદીના, મોખા, મસ્કત, જેદા અને એડન (એ ઇંગ્રેજને તાબે છે)

(૫) એશિયાઇ તુર્કસ્તાન એના ચાર ભાગ છે.

૧. એશિયા મૈનર. (લઘુ એશિયા)...સ્મર્ના.

૨. સિરિયા.........દમાસ્કસ; અલેપ્પો, જેરૂસલમ. એકર.

૩. અલજજીરા, ઇરાક અરબી અને તુર્કી કુર્દીસ્તાન. } બગદાદ, બસ્રા, બાબિલન, અથવા હિલા.

૪. આર્મીનીઆ......અર્ઝેરમ, ત્રેબિઝોંડ બંદર, અને વાન.

(૬.) તાર્તરિ—એના ચાર ભાગ છે.

૧. પૂર્વે તાર્તરી......કાશગર, યારકંડ અને ખોતાન.

૨. પશ્ચિમ તાર્તરી...બોખારા, ખીવા અને ખોકંડ.

૩. ચિનાઇ તાર્તરી...(ચીનમાં મંગોળીયા, મંચુરીઆ જુઓ.)

૪. રૂશિઆઇ તાર્તરી. સમરકંદ, તારકંદ, અને મર્વ,

(૭.) એશિઆઇ રૂશિયા—એના ત્રણ ભાગ છે.

૧. કાકેસસ પર્વતની દ-
ક્ષિણનો મુલક   તિફ્લિસ; અને એરિવાન.

૨. સૈબીરિઆ.   તોબોલ્સ્ક. અને ઇર્કુતસ્ક.

૩. રૂશીઆઇ તાર્તરી. સમરકંદ, તાસ્કંડ અને મર્વ,

(૮.) જાપાન..............યદો; નાગાસાકી બંદર, મીઆકો,
[મત્સમાઇ, અને ટોસા.

(૯.) ચીનાઇ રાજ્ય-એના ૫ ભાગ છે

૧. શુદ્ધ ચીન........ { પેકિન, પેહીઓ નદીપરછે. નાનકિન; શાંગહાય અને કંતાન બે બંદર છે. એમોય, પૂર્વ કીનારે ટાપુમાં છે.

૨. ટિબેટ............લાસા, અને લાડક અથવા લે.

૩. મંગોલીઆ......મૈમતચીન, કોબ્ડો, અને ઔરગા.

૪. મંચુરીઆ......કીરીન-ઉલા અને મૌખ્ડન.

૫. કોરીઆ.........કીંગકીટાવ,

(૧૦) હિંદી ચીન—એના ચાર ભાગ છે.

૧ બ્રહ્મદેશ...........માંદલેજ, આવા, અમરપુર, માકસોબા, આરાકાન, પ્રોમ, પેગુ. અને રંગુન તથા મુલમૈન. એ બે બંદર છે.

૨. શિયામ.........બાંકોક, મેનામ નદીને બંને કાંઠે; યુથીઆ.

૩. મલાયા.........મલાકા, વેલેસ્લી અંગ્રેજના સંસ્થાન છે.

પીનાંગ અને સીંગાપોર એ બે બેટ પણ ઈં
ગ્રેજના હાથમાં છે.

૪. કોચીન ચીન......સાઇજોન અને હ્યુ.

(૧૧) સિંહલદ્વીપ કે લંકા,...કોડી; કોલંબો, પોઇન્ટડીગાલ, ત્રિંકોમાલી
અને પોઈંટપેદરો. એ ચાર બંદર છે.

(૧૨) ભરતખંડ (હિંદ).....કલકત્તા; મદ્રાસ, મુંબઇ, દીલ્લી, આગ્રા, અ
લાહાબાદ, લખનોર, હૈદ્રાબાદ, પુના, સુરત
અમદાવાદ, લાહોર, અજમેર, વગેરે.

એશિયાના મુખ્ય સમુદ્રો.

૧. રાતો સમુદ્ર—અરબસ્તાન અને આફ્રિકાની વચ્ચે છે.

૨. અરબી સમુદ્ર—હીંદુસ્તાન અને અરબસ્તાનની વચ્ચે છે.

૩. બંગાળાનો સમુદ્ર—હીંદુસ્તાન અને હીંદી ચીનની વચ્ચે છે.

૪. ચીનાઇ સમુદ્ર—ચીનની દક્ષિણે છે.

૫. પીળો સમુદ્ર—ચીન અને કોરીઆની વચ્ચે છે.

૬. જાપાની સમુદ્ર—કોરીઆ, ચીનાઇ તાર્તરી, અને જાપાનની
વચ્ચે છે. ૭. લીવેન્ટ—ભૂમધ્ય સમુદ્રના પૂર્વ ભાગને કહે છે.

૮. ઓકોટસ્કનો સમુદ્ર—સૈબીરીઆ અને કામસ્કાટકાની વચ્ચે છે.

૯. બેહેરીંગનો સમુદ્ર—કામસ્કાટકા અને અમેરીકાની વચ્ચે છે.

મુખ્ય અખાત તથા ઉપસાગર.

(૧) એડનનો અખાત—અરબસ્તાન અને આફ્રિકાની વચ્ચે છે. (૨) ઇરાની અખાત—ઇરાન અને અરબસ્તાનની વચ્ચે છે; (૩) ઓમાનનો અખાત—અરબસ્તાન, ઇરાન અને બલુચીસ્તાનની વચ્ચે છે. (૪) કચ્છનો અખાત, અને ખંભાતનો અખાત—હિંદુસ્તાનની પશ્ચિમે છે. (૫) મનારનો અખાત—હિંદુસ્તાન અને લંકાની વચ્ચે છે.

(૬) બંગાળાનો ઉપસાગર—હિંદુસ્તાન અને હિંદી ચીનની વચ્ચે છે. (૭) માર્ટાબાનનો અખાત—પેગુ અને તીનાસરીમની વચ્ચે છે. (૮) સીયામનો અખાત—સીયામની દક્ષિણે છે, (૯) ટોંકવીનનો અખાત,—હૈનાન અને કોચીન ચીનની વચ્ચે છે, (૧૦) પીચીલીનો અખાત—પીળા સમુદ્રમાં છે. (૧૧) તાર્તરીનો અખાત—મંચુરીઆ અને સગેલીઅનની વચ્ચે છે. (૧૨) અનાદીરનો અખાત—એશિઆના સૈબીરીઆ અને અમેરિકાના આલાસ્કાની વચ્ચે છે (૧૩) ઓબીનો અખાત-સૈબીરીઅની વાવ્ય કોણુમાં છે. (૧૪) સીનોપનો અખાત-કાળા સમુદ્રમાં છે.

મુખ્ય સામુદ્રધુની.

(૧) બાબલ માંડબની સામુદ્રધુની-લાલ સમુદ્રને હિંદી મહાસાગર સાથે જોડે છે. (૨) ઓરમઝની સામુદ્રધુની-ઓરમઝના અખાતને ઓમનના અખાત સાથે જોડે છે. (૩) પાકની સામુદ્રધુની-હિંદુસ્તાન અને લંકાની વચ્ચે છે. (૪) મલાકાની સામુદ્રધુની.-મલાયા અને સુમાત્રાની વચ્ચે છે. (૫) ફારમોસાની સામુદ્રધુની.-ચીન અને ફારમોસાની વચ્ચે છે. (૬) કોરીઆની સામુદ્રધુની-કોરીઆ અને જાપાનની વચ્ચે છે. (૭) બેહરીંગની સામુદ્રધુની.-સૈબીરીઆ અને અમેરિકાના આલાસ્કાની વચ્ચે છે. (૮) સંગાર-નીફોન અને યસો વચ્ચે છે.

મુખ્ય બેટ.

૧. ઉત્તર મહાસાગરમાં-લીઆકોવ અથવા નવું સૈબીરીઆ; ૨. પાસિફિક મહાસાગરમાં—કયુરાઇલ ટાપુઓ. એલ્યુશીયન ટાપુઓ, જાપાન (નીફોન, યસો, સીકોક, કીસ્યુ), સગેલીઅન; ૩. ચીનની દક્ષિણે—હેનાન, પુર્વે ફારમોસા, લુચ્ચુ, ફુચ્ચુ, મકાઉ, હોંગકોંગ; ૪. મલાકાની સામુદ્રધુની પાસે પીનાંગ, સીંગાપોર, મલાક્કા અને વેલેસ્લી; ૫. બંગાળી ઉપસાગરમાં--આન્દામાન અને નીકોબાર ઇંગ્રેજને તાબે છે; ૬. હિંદી મહાસાગરમાં લંકા અથવા સિંહલદ્વીપ, મનાર, રામેશ્વર, લક્ષદ્વીપ અને

માલદીપ;૭. અરબી સમુદ્રમાં—સોકોટ્રા અને બેહેરીંગ. ૮. ભૂમધ્ય સમુદ્રમાં—ક્રીસ્પોન, સૈપ્રસ, રોડ્સ, ક્રોસ, પેટમોસ, સાયો અને મીતીલીન. ૯. ઇરાની અખાતમાં—કરક, કિશ્મ અને ઓરમઝ.

મુખ્ય સંયોગી ભૂમી.

૧ ક્રોની સંયોગી ભૂમી—મલાયા તથા બ્રહ્મદેશને સાંધે છે.

૨ સ્વેજની સંયોગીભૂમી—અરબસ્તાન અને આફ્રિકાની વચ્ચે છે. એને ખોદીને ૧૮૬૯માં નહેર બનાવી ત્યારથી તેને સામુદ્રધુની કહીએ.

મુખ્ય દ્વીપકલ્પ.

(૧) એશિઆ મૈનર. (૨) અરબસ્તાન. (૩) હિંદુસ્થાન—કાઠીઆવાડ. (૪) હિંદીચીન—મલાયા, કામબોડીઆ (૫) કોરીઆ. (૬) સૈબીરીઆની પૂર્વે કામસ્કાટકા. (૭) સગેલીઅન.

મુખ્ય ભૂશિરો.

સેવરો ભૂશીર અથવા ઇશાન ભૂશીર, સૈબિરીઆની ઉત્તરે છે. પૂર્વ ભૂશિર, બેહેરીંગની સામુદ્રધુની આગળ છે; લોપાટકા, કામસ્કાટકામાં છે; કામ્બોડીઆ, કોચિનચીનની દક્ષિણે છે; નીગ્રેસ, પેગુની દક્ષિણે છે; રોમાનીઆ ભૂશિર, મલાયાની દક્ષિણે છે; કન્યાકુમારી, હિંદુસ્તાનની દક્ષિણે છે. દિવ ભૂશિર, કાઠીઆવાડની દક્ષિણે છે. રાસઅલહદ, અરબસ્તાનની પૂર્વ દિશામાં છે. બાબા ભૂશિર, એશિઆ મૈનરની પશ્ચિમે છે.

મુખ્ય પર્વત.

(હીંદુસ્તાનમાં) હિમાલય, સિવાલિક, સાતપુડા, વિંધ્યાચળ, નિલગીરિ, પૂર્વઘાટ તથા પશ્ચિમઘાટ; (અફગાનિસ્તાનમાં) સુલેમાન અને હિંદુકુશ; (અરબસ્તાનમાં) સીનાઇ અને હોરેપ. (તુર્કસ્તાનમાં) લીબનાન અને તારસ; (તાર્તરીમાં) બેલુરતાગ અને થીઆનસાન, (ટિબેટમાં) કારાકોરમ અને કુવેનલુન; (બલુચિસ્તાનમાં) હાલાપર્વત; (ઇરાનમાં

કુર્દિઝ અને એલ્બર્ઝ. (યુરોપ અને એશિઆ વચ્ચે) યુરલ અને કાકેસસ પર્વત; (ચીનાઇ રાજ્યમાં) યુનલીંગ પર્વત છે. (સૈબીરીઆની દક્ષિણે) આલતાઇ, આલ્ડન અને સાયાન્સ્ક પર્વત છે.

મુખ્ય નદીઓ.

૧ ઉત્તર મહાસાગરને મળનારી નદીઓ—ઓબી, યેનેસી અને લીના (રૂશિઆમાં છે). આમુર નદી (તાર્તરીમાં) તાર્તરીના અખાતને મળે છે. ૨ પેહીઓ, હોઆંગો, યાંગસેકીઆંગ, ચુકીયાંગ અને કંતાન ચીનાઇ રાજ્યમાં થઇને પાસીફીક મહાસાગરને મળે છે. ૩. સીયામમાં મેનામ અને કોચીન ચીનમાં મેકીઆંગ નદી છે તે સીયામના અખાતને મળે છે, ઇરાવદી નદી મારટાબાનના અખાતને મળે છે. ૪, બંગાળાના ઉપસાગરને મળનારી નદીઓ—ગંગા, બ્રહ્મપુત્રા, મહાનદી, ગોદાવરી, કૃષ્ણા, તુંગભદ્રા અને કાવેરી (હીંદુસ્તાનના પૂર્વ ભાગમાં છે). ૫ અરબી સમુદ્રને મળનારી નદીઓ—સીંધુ (ઇંડસ), તાપી અને નર્મદા ૬. ઇફ્રતીઝ અને તીગ્રીસ (તુર્કસ્તાનમાં વહીને) ઇરાની અખાતને મળે છે. ૭. આમુ અથવા આકસસ અને સીરદરિઆ અથવા સીહુન (તાર્તરીમાં વહીને) આરલ સરોવરને મળે છે. ૮. અફગાનિસ્તાનમાં કાબુલ નદી. ૯. બલુચીસ્તાનમાં ગંડાવા નદી છે. ૧૦. જોરડન નદી (તુર્કસ્તાનમાં) મૃત સરોવરને મળે છે.

મુખ્ય સરોવર.

તાર્તરીમાં—કાસ્પીઅન (દુનીઆમાં મોટામાં મોટું ખારા પાણીનું સરોવર,) આરલ અને બલકાસ, બેકલ સરોવર રૂશિઆમાં છે.

ટિબેટમાં—ટેગ્રીનોર અને પાલ્તે; **હીંદુસ્તાનની** ઉત્તરે, રાવણહ્રદ અને માનસરોવર; અફ્ગાનીસ્તાનમાં—હેલ્મંડ; **તુર્કસ્તાનમાં**—વાન અને મૃતસરોવર; ઇરાનમાં—ઉરૂમીઆ અને બાખ્તેગન.

મુખ્ય રણ—તાર્તરીમાં ગોબીનું રણ છે.

મુખ્ય નિકાસ—બલુચિસ્તાનમાં-ચામડાં, ઉન; અફગાનિસ્તાનમાં- ઘોડા; ઇરાનમાં મોતી, ગલીચા, તલવાર, કેસર, અત્તર, બરણીઓ વીગેરે; અરબસ્તાનમાં-ઘોડા, ગુંદર, ખૂનદાણા; તુર્કસ્તાનમાં-સાબુ. વાટ્ળી, પરવાળાં; જાપાનમાં-સોનું, રૂપું, તાંબું, કોયલા, લખોટેલાં વાસણ; ચીનમાં- રકાબી, રેશમીકાપડ, બંદુકનો દારૂ, ચા, ચલાણાં; છાપવાની કળા તથા હોકાયંત્ર ચીનના લોકોએ શોધી કાઢયાં હતાં. સિયામમાં-રત્ન; અને સાલોનમાં-હાથીદાંત. હાંથી અને મોતી થાય છે. હિંદુસ્તાનમાં-ઘણી જાતની ધાતુ, કોયલા, લાકડાં, અનાજ અને શાક ભાજી થાય છે.

અંગ્રેજના તાબાના દેશો.

હિંદુસ્તાનનો ઘણોખરો ભાગ, સીલોન, હીંદીચીનમાં—આસામ, આરાકાન, પેગુ, અને તીનાસરીમ, મલાયાનો કેટલોક ભાગ, સીંગાપોર, પ્રોવીંસવેલેસ્લી, ઉપલો અને હેઠલો બ્રહ્મદેશ, હોંગકોંગ, એડન, પેરીમ, બોર્નીઓ નદી આગળ લેબ્યુન તથા બોર્નીઓ અને સારાવાક.

પ્રકરણ ૨ જું.

ભરતખંડ કે (હિંદુસ્તાન.)

સીમા—ઉત્તરે હિમાલય, હિંદુકુશ, તથા કારાકોરમ પર્વત અને તેની પેલીમેર ટિબેટ દેશ છે. પશ્ચિમે સુલેમાન પર્વતની પેલીમેર અફગાનિસ્તાન અને હાલા પર્વતની પેલીમેર બલુચિસ્તાન દેશ તથા અરબી સમુદ્ર છે. દક્ષિણે હિંદી મહાસાગર અને પુર્વે બંગાળી ઉપસાગર તથા બ્રહ્મદેશ અને આરાકાનના ડુંગરા છે.

હિંદુસ્તાનની ત્રણે દિશાએ પાણી છે તેથી એને હિંદી દ્વીપકલ્પ પણ કહે છે. એનો આકાર ત્રિકોણ છે અને એમાં આસરે ૨૮॥ કરોડ માણસની વસ્તી છે. એની ઉત્તર, દક્ષિણ લંબાઇ ૧૯૦૦ મૈલ

અને પૂર્વ પશ્ચિમ પહોળાઇ ૧૮૦૦ મૈલ છે. હિંદી રાજ્યના ઉપરીને ગવર્નર જનરલ કહે છે; વિંધ્યાચળ પર્વતથી એના બે ભાગ થયા છે. ઉત્તર ભાગને (૧) હિંદુસ્થાન અને દક્ષિણ ભાગને (૨) દખણ કહે છે. (નીચે લખેલા દરેક ભાગની હદ નકશા ઉપરથી શીખવવી.)

(૧) રાજ્ય વિભાગ. મુખ્ય શેહેરો.

૧. મુંબઇ ઇલાકો.........એના પાંચ ભાગ છે. રાજધાનીનું શેહેર મુંબઇ છે.

૧. સિંધ.............હૈદ્રાબાદ, શિકારપુર, કરાંચી, ઉમરકોટ

૨. કચ્છ ....ભૂજ, માંડવી, અંજાર અને મુંદરા.

૩. ગૂજરાત. ......અમદાવાદ, સુરત. ભરૂચ, વડોદરા, ખંભાત, પાલણપુર, રાજકોટ, ભાવનગર, જુનાગઢ. દ્વારકા, પોરબંદર, વઢવાણ.

૪. ઉત્તર મહારાષ્ટ્ર અથવા કોકણ. પુણા, સતારા, સોલાપુર, અહમદનગર, અકલકોટ, ધુળીઆ, રત્નાગીરી, નાશક. મુંબઇ, પૈઠણ.

૫. દક્ષિણ મહારાષ્ટ્ર. (ઉત્તર કાનડા.) ધારવાડ, કારવાડ, બેલગામ, કોલાપુર, અને કલાદગી

૨. મદ્રાસ ઇલાકો........એ ઇલાકામાં ચાર પ્રાંત છે. રાજધાનીનુ શેહેર મદ્રાસ છે.

૧. દક્ષિણ કાનડા......હોનાવર અને કુમેટ,

૨. મલબાર ....મેંગલુર, કાનાનુર, કાલીકટ અને માહી.

૩. કર્ણાટક ત્રિચિનોપલી, તંજાવર, વાંડીવાસ, મદ્રાસ, પોંડીચેરી, પાર્ટોનોવો, ડેવીકોટ, આર્કાટ, કોઇમ્બતુર અને મદુરા.

૪. ઉત્તર સરકાર ...ગંતુર, રાજમહેંદ્રી અને મછલીપટણ

૫. મલબાર કાંઠો. ...ત્રીવણદ્રામ અને કન્યાકુમારી,

૩. બંગાળા ઇલાકો.........એમાં ચાર પ્રાંતછે, રાજધાની કલક-તાછે.

૧. બંગાળા...... { કલક-તા, હુગલી નદીપર છે, મુર્શીદાબાદ, ઢાકા, શ્રીરામપુર, ચંદ્રનગર, ચીનસુરા, બર્દ્ધવાન, કાસમબજાર, બાકરગંજ, દીનાજપુર, સુંદરવન, ચીતાગોંગ, ગતલાહ, બરાખપુર, દાર્જીલીંગ, રાણીગંજ, મેદનીપુર, હીરા વગેરે.

૨. બહાર પ્રાંત.... .પટણા, બકસર, મોંગીર, અને ભાગલપુર

૩. ઓઢીઆ...... કટક, જગન્નાથપુરી, હરીહરપુર, બલેશ્વર.

૪. છોટાનાગપુર... કાંચી, અને રામગઢ.

૪. * વાવ્ય પ્રાંતો..........એમાં ૩ ભાગ છે, રાજધાની આગ્રા, અને અલાહાબાદ.

૧, આગ્રાપ્રાંત...... { આગ્રા, [1]ગોકુલમથુરા, અલીગઢ, કનોજ, [2]કાનપુર. કાલ્પી, ઇટાવા, કલીંજર ફ. તેહપુર અને અનુપશહેર.

૨. અલાહાબાદ........[1]અલાહાબાદ, [1]બનારસ, (કાશી), ગાજીપુર, ગોરખપુર, જુવાનપુર, મીરજાપુર, અને કનોજ.

૩. અયોધ્યાપ્રાંત........લખનોર, ફૈજાબાદ, અયોધ્યા, રાયબરેલી, સુલતાનપુર, ગાજીપુર અને સીતાપુર.

૫. પંજાબ ઇલાકો. ....એમાં પાંચ પ્રાંત છે.

---

*. આગ્રાપ્રાંત અને અલ્હાબાદ પ્રાંતને વાવ્યપ્રાંતો કહેછે.

૧. જાત્રાનું ઠેકાણું છે.

૨. એમાં લશ્કર રહેછે.

૧. દિલ્હી પ્રાંત........દિલ્હી, કર્નાલ, ફરૂકાબાદ, પાણીપત, થાનેશ્વર, મીરત વગેરે.

૨. ગઢવાલ પ્રાંત......[1]બદરીનાથ, [1]હરીદ્વાર અને શ્રીનગર.

૩. કમાઉન પ્રાંત......અલમોડ અને ચંપાવત.

૪. પંજાબ પ્રાંત ..... { લાહોર, અમૃતસર, અટક, રાવલપીંડી, ડેરાગાજીખાન, જેલમ, બક્કર, [3]ગુજરાત, [3]ચીલીઅનવાલા, [3]રામનગર, [4]અલીવાલ, [3]સોબ્રોન, લુધીઆણા, અંબાલા, ફીરોજપુર, જાલંધર, લાડક કે લે, [3]સિમલા વગેરે.

૫. મુલતાન, પ્રાંત......મુલતાન અને મીટનકોટ.

૬. મ્હેસુર અને કુર્ગનાં સંસ્થાન એમાં ચાર ભાગ છે.

૧. મ્હેસુર............મ્હેસુર; શીરંગપટણ. બેંગલુર. હરીહર, બેદનુર (નગર), ચીતલદુર્ગ, સીમોગા.

૨. કુર્ગ સંસ્થાન.......મર્કારા.

૩. કોચીન.............કોચીન અને ત્રિચુર. } આ બે દેશી રાજ્યછે.

૪. ત્રાવણકોર.........ત્રિવાન્દ્રમ અને અલ્લીપલી. } આ બે દેશી રાજ્યછે.

૭. વરાડ સહિત હૈદ્રાબાદ સંસ્થાન.

૧. હૈદ્રાબાદ. ......{ હૈદ્રાબાદ, ઔરંગાબાદ, દોલતાબાદ, સીકંદ્રાબાદ, ગોવલકોંડા, જાલનાબંદર, વરગુળ, બેદુર, ઇલોરા, ગુલબર્ગ, વગેરે.

૨. વરાડ........... ઇલીચપુર, ઉમરાવતી, આકોલા, અસાઇ

---

૧. જાત્રાનું ઠેકાણું છે.

૩. આ જગ્યાએ લઢાઇ થઇ હતી.

૪. ગવર્નર જનરલનું ઉનાળામાં હવા ખાવા જવાનું

૮. મધ્ય પ્રાંતો............ નાગપુર, સાગર, દમોહ, બલારી, છત્તીસગઢ, સંબલપુર, *કામ્પટી, જબલપુર, નરશીંગપુર, હોશંગાબાદ, આસીરગઢ, બરાનપુર, ભુશાવળ, ખંડવા. રાયપુર, ચંદા, વગેરે.

૯. મધ્યહિંદ એજન્સી.........એના પાંચ ભાગ છે.

૧. ગ્વાલીઅર[1].........*ગ્વાલીઅર રાજધાની છે; ઉજ્જન, ઝાંસી, ચંદેરી, લશ્કર, મોરાર.

૨. ઇંદોર[2] ....ઇંદોર, *મહુ. *નીમચ.

૩. ભોપાલ ....ભોપાલ; એમાં બેગમનું રાજ્ય છે.

૪. નાનાં રાજ્યો.........ધાર. રતલામ, જાવડા. જાંબુઆ.

૫. બુંદેલખંડ............પન્ના, અર્ચા, છતરપુર, અને રેવા.

૧૦. રજપૂત સંસ્થાનો.........એમાં ૧૮ દેશી સંસ્થાન છે......... તેના નામ. ૧ મેવાડ (ઉદેપુર). ૨ મારવાડ (જોધપુર). ૩ જેપુર; ૪ બુંદી, ૫ બિકાનેર ૬ કોટા. ૭ કીરોલી. ૮ કિશનગઢ, ૯ જેસલમેર. ૧૦ અલવડ. ૧૧ શિરોહી. ૧૨ ડુંગરપુર. ૧૩ વાંસવાડા. ૧૪ પ્રતાપગઢ. ૧૫ ઝાલાવાડ; ૧૬ (જાટસંસ્થાનો) ભરતપુર અને ૧૭ ધોળપુર,

૧૮ (મુસલમાની સંસ્થાન) ટોંક.

૧૧. આસામ..............ગોહતી.

૧૨. સ્વતંત્ર પહાડી રાજ્યો.

૧ નેપાલ.... ખટમંડુ, લલીતપટણ, મકવાનપુર, અને ગુરખા.

૨. ભૂતાન.. ટ્યાસીટ્યુડન અને પુનાખ.

---

* એમાં લશ્કરની છાવણી છે. ૧. એમાં સીંધીઆનું રાજ્ય છે. ૨ એમાં હોલ્કરનું રાજ્ય છે.

૩. મણીપુર...મણીપુર; એ રાજ જરા સુધરેલું છે.

૧૩. પોર્ટુગીઝ અને ફ્રેંચના સંસ્થાન.

૧. પોર્તુગીઝને તાબે, દીવ, દમણ, ગોવા,

૨. ફ્રેંચને તાબે,.... } ચંદ્રનગર, યાનાન (ગોદાવરીના મુખ આગળ); પોંડીચેરી, કારોમાંડળ કીનારે કારીકલ અને મલબાર કાંઠે માહી.

૩. હબસીને તાબે...જંજીરા અને જાફરાબાદ.

૪. વલંદાને તાબે...ચીનસુરા.

અંગ્રેજના રક્ષણ હેઠળના દેશી રાજ્યોનાનામ-૧ હૈદ્રાબાદ. ૨ મ્હૈસુર. ૩ કોચીન. ૪ ત્રાવણકોર. ૫ કોલાપુર. ૬ સાવંતવાડી ૭-ઇંદોર. ૮ ગ્વાલીઅર. ૯ ભોપાલ. ૧૦ કાઠીયાવાડ. ૧૧ કચ્છ. ૧૨ રજપુતસંસ્થાનો. ૧૩ ભાવલપુર. ૧૪ પહાડી રાજ્યો. ૧૫ સીકીમ. ૧૬ કાસ્મિર. ૧૭ પટીઆલા. ૧૮ જીંડ. ૧૯ નભા. ૨૦ કપરથલા. ૨૧ ફરીદકોટ, ૨૨ કલશીઆ, છેલ્લા પાંચ શીખના રાજ્ય છે.

(૨) હિંદુસ્તાનના મુખ્ય બંદર.

પશ્ચિમ કિનારે—કરાંચી, માંડવી, પોરબંદર, જાફરાબાદ, ઘોઘા, ભાવનગર, ધોલેરા, ખંભાત, ભરૂચ, સુરત, કારવાડ, વલસાડ, દમણ, વસાઇ, મુંબઇ, રત્નગીરી, ગોવા, માંગલોર, કાનાનુર, કલીકટ, તલીચરી, માહી અને કોચીન.

પુર્વ કિનારે—મદ્રાસ, પોંડીચરી, મછલીપટણ, ગંજામ, જગન્નાથપુરી, કટક, બાલાસોર, કલકત્તા, મતલાહ અને ચીતાગોંગ.

(૩) મુખ્ય પર્વતો—(૧) ઉત્તરે-હીમાલય-એના મુખ્ય શિખરો-ગંગોત્રી, જમ્નોત્રી, કાંચનગંગા, નંદાદેવી, ચમલારી, એવેરેસ્ટ (એ દુનીઆમાં સૌથી ઉંચું શીખર છે), ધવલગીરી અને કૈલાસ અને (૨) શવાલીક. પશ્ચિમે-સુલેમાન અને (૪) હાલા; (૫) મધ્ય

હિંદુસ્તાનમાં–વિંધ્યાચળ, અમરકંટ, મંદલે, મહાદેવ, અને (૬) સાતપુડા, (૭) કોકણકાંઠે–સહ્યાદ્રી, (૮) પૂર્વઘાટ, (૯) પશ્ચિમઘાટ. (૧૦) નિલગીરી, નંદીદુર્ગ. (૧૧) અરવલીના ડુંગરા રજપુતસ્તાનમાં છે. (૧૨) આંતુરના ડુંગરા, (૧૩) નાગપુરના ડુંગરા, ૧૪) કાઠીઆવાડમાં–શેત્રુંજો, (૧૫) ગીરનાર; (૧૬) ગુજરાતમા પાવાગઢ, (૧૭) બ્રહ્મપુત્રાની પૂર્વે-ચિતાગોંગ, ટીપરાહ, ખાશી, ગારો (૧૮) કાશ્મિરની ઉત્તરે–કારાકોરમ અને વાવ્ય ખૂણે- હિંદુકુશ.

(૪) **મુખ્ય અખાત**—(૧) ખંભાતનો અખાત, (૨) કચ્છનો અખાત, (૩) મનારનો અખાત, (૪) મારટાબાનનો અખાત (૫) અને બંગાળાના ઉપસાગર.

(૫) **મુખ્ય બેટ**—(૧) બેટ-કાઠીઆવાડની પશ્ચિમે. (૨) મુંબઇ, અને સાષ્ટી-પશ્ચિમકાંઠે છે. (૪) લંકા–હિંદની દક્ષિણે; (૫) આંડામાન, મરગ્વીબેટ, અને નાકોબાર બંગાળી ઉપસાગરમાં; (૭)લક્ષદ્વીપ અને માલદ્વી --હિંદીમહાસાગરમાં નરૂત્ય ખુણે છે. (૯) મનાર અને (૧૦) રામેશ્વર, મનારના અખાતમાં છે

(૬) **મુખ્ય ભૂશિર**—દક્ષીણે કન્યાકુમારી, કાલિમેર, રામાસ અને પાલમૈરા; કાઠીઆવાડની દક્ષિણે–દીવ અને જગત ભૂસિર; લંકાની દક્ષિણે–દોંદ્રાહેડ; બ્રીટિશ બ્રહ્મદેશની દક્ષિણે–નિગ્રેસ.

(૭) **મુખ્ય સામુદ્રધુનિ**—પાક અને મનાર હિંદુસ્તાન અને લંકાની વચ્ચે છે.

મુખ્ય દ્વીપકલ્પ—કાઠીઆવાડ અને (હિંદુસ્તાન પોતે).

(૯) **હિંદુસ્તાનના સરોવર**—૧. મદ્રાસ ઇલાકામાં–પુલીકટ, અલ્લીપલ્લી, કોલર. ૨. બંગાળા ઇલાકામાં–ચીલકા. ૩. વરાડ પ્રાંતમાં-લુનાર. (ખારા પાણીનું છે) ૪. રજપુતસ્થાનમાં–સાંભર, સારસ અને

મ્બર. ૫. હિંદુસ્તાનની ઉત્તરે–રાવણ હૃદ, અને માનસરોવર, ૬. કાશ્મિરમાં–વુલર, તેથીનુર અને પાલ્ટે સરોવર, ૭. સિંધમાં – મંચર.

(૧૦) જાત્રાના ઠેકાણાં—બદ્રીનાથ, કેદારનાથ, હરીદ્વાર, મથુરા, વંદ્રાવન, ગયાજી, બનારસ (કાસી) જગન્નાથજી, મથુરા, રામેશ્વર, પંઢરપુર, ગીરનાર, પાલીતાણા, પોરબંદર (એને સુદામાપુરી કહે છે), પ્રભાસપાટણ, ચાંદોદ, નાશક, ડાકોર, (આબુ) અંબાજી, બહુચરાજી, અને સીદ્ધપુર.

(૧૧) છાવણીના ઠેકાણાં—કાનપુર, કામ્પટી, લશ્કર, મહુ, નસીરાબાદ, દીસા, ઈંદોર, હૈદ્રાબાદ, વડોદરા, અમદાવાદ, મુંબઇ, પુણા, મદ્રાસ, નીમચ, બેંગલોર, નાગપુર, લાહોર, કલકત્તા વગેરે.

(૧૨) હવાખાવાના ઠેકાણાં સીમલા, નીલગીરી, મહાબળેશ્વર, નસીરાબાદ, આબુ, દાર્જીલીંગ, માથેરાન, ઉતકમંદ, ડીંડીગલ.

૧૩. હિંદુસ્તાનની નદીઓ.

૧. બંગાળાના ઉપસાગરને મળનારી નદીઓ—ગંગા, બ્રહ્મપુત્રા, મહાનદી, ગોદાવરી, કૃષ્ણા, કાવેરી, પનેર, પન્નાર અને પલાર.

૨. અરબી સમુદ્રને મળનારી નદીઓ-સીંધુ, ભાદર, અને તાપી; અને મહી, સાબરમતી અને નર્મદા, એ ત્રણ નદી ખંભાતના અખાતને મળે છે.

૩. કચ્છના રણમાં વહેનારી—મચ્છુ, આજી, સરસ્વતી, લુણી.

૪. સીંધુને મળનારી નદીઓ (ફાંટા)—જેલમ, ચીનાબ, રાવી, બીઆસ, સતલજ, અને કાબુલ (એ બધા ફાંટા પંજાબ પ્રાંતમાં છે.)

૫. ગંગાને મળનારી નદીઓ (ફાંટા)—ગોગરા, સોન, જમના (એના ફાંટા–ચંબલ, સીંધ અને બતવા સહીત) કૌશિકી, ગંડકી, કુશી, સપતી, અને હુગળી.

૬. કૃષ્ણા નદીને મળનાર (ફાંટા)–વારણા, ભીમા, અને તુંગભદ્રા,

૭. ગોદાવરીને મળનાર (ફાંટા)—પેનગંગા, વર્ધા, વેનગંગા, અને મંજીરા.

(૧૪) ઇલાકા વાર નદીઓ.

૧. મુંબઇ ઇલાકામાં આવેલી નદીઓ—સીંધમાં—સીંધુ નદી; કચ્છમાં—આજી—લુણી, અને મચ્છુ; ગુજરાતમાં—નર્મદા, તાપી, સાબરમતી, અને મહી; દખણમાં—ગોદાવરી, અને કૃષ્ણા.

૨. મદ્રાસ ઇલાકામાં આવેલી નદીઓ—ગોદાવરી, કૃષ્ણા, પેનેર, પન્નાર, પલાર, કોલેરૂન અને કાવેરી.

૩. પંજાબમાં આવેલી નદીઓ—સીંધુ, સતલજ, રાવી, ચીનાબ, બીઆસ, જેલમ અને જમના.

૪. વાવ્ય પ્રાંતમાં આવેલી નદીઓ—જમના, ગંગા, રામગંગા, ગોમતી, ગોગરા, ચંબલ, અને બતવા.

૫. બંગાળા ઇલાકામાં આવેલી નદીઓ—ગંગા, ગોગરા, સોન, ગંડકી, કુશી, દામોદા, ભાગીરથી, હુગલી, બ્રહ્મપુત્રા, સુરમા, મહાનદી, વેતરણી, બ્રાહ્મણી, વગેરે.

(૧૪ અ) મુખ્ય રણ—થરપાર્કરનું રણ સીંધમાં છે, અને કચ્છનું રણ કચ્છની પૂર્વે છે

(૧૫) નદી ઉપરના મોટાં શેહેર.

બ્રહ્મપુત્રા—દરભંગ, ગૌહત્તી, ઢાકા, અને લાસા.

ગંગા—બદ્રિનાથ, હરિદ્વાર, મીરત, ફરૂકાબાદ, કનોજ, કાનપુર, ફતેહપુર, અલાહબાદ, મીરજાપુર, કાશી, ગાજીપુર, ચુનાર, બકસર, પટણા, મોંગીર, ભાગલપુર, રાજમહાલ, અને મુર્શિદાબાદ.

જમના—થાનેશ્વર, પાણીપત, દિલ્લી, મથુરા, આગ્રા, ઇટાવા, અલાહબાદ, અને શાહાજાનપુર. ચીનાબ—મુલતાન.

ચંબલ—ધોળપુર અને કોટા. **હુગલી**- કલકત્તા.

સિંધુ—અટક, ડેરાગાજીખાન, ડેરાઇસ્માલખાન, મીટનકોટ, હૈદરાબાદ, કરાચી, ઠઠ્ઠા, શીકારપુર, સક્કર અને બકકર.

સતલજ—સિમલા, અલીવાલ, ફીરોજપુર, લુધ્યાણા, સોબ્રોન, સરહીંદ અને બાવલપુર. **રાવી**—લાહોર.

નર્મદા ભરૂચ, નાંદોદ, ચાંદોદ, જબલપુર, અને સુકલતીર્થ. (જાત્રાનું ઠેકાણું છે.) **લુણી**—જોધપુર, અજમેર.

તાપી—સુરત, રાંદેલ, બરાનપુર અને નાગપુર.

સાબરમતી—અમદાવાદ, સાદરા.

મહી—ખંભાત, **મહાનદી**—જગન્નાથ, કટક, સંબલપુર.

વિશ્વામિત્રી—વડોદરા.

ગોદાવરી—નાશીક, ઔરંગાબાદ, રાજમહેંદ્રી, ચેનાન, પૈઠણ.

કૃષ્ણા—મછલીપટણ **ચંબલ**—જેપુર, ઈંદોર.

ગોમતી—લખનોર. **રામગંગા**—રામપુર, બરેલી,

ગોડાદા—તાસીસ્યુડન.

મુલામુઠા—પુણા. **પનેર**—બાંગલોર,

કાવેરી—શ્રીરંગપટણ, ત્રીચીનાપોલી અને ત્રાંકવીબાર.

---

(૧૯) કયા કયા ઠેકાણાની શી શી ચીજો વખણાય છે.

કાશ્મીરની શાલ; બંગાળાની ખાંડ તથા ચોખા; ઢાકાની મલમલ; માળવાનું અફીણ; કાઠીઆવાડના ઘોડા; સુરતનું જરીકામ અને બરફી. કચ્છના ઘોડા; અમદાવાદની મરકી, અતલસ તથા મશરૂ; પાટણનાં પટોળાં; ભરૂચનો સુંદરપાક અને રૂ; ગોવલકોંડા અને પન્નાના હીરા; ચંદેરીની પાઘડીઓ; નાગપુરના ધોતીજોડા; માંગરોલના સોપારી, સીરોહીની તલવાર; કાશીના લોટા અને પીતાંબર; મલબારના લાકડાં;

નાશકના લોટા; મુંબઇનો હલવો; ખંભાતની સુતરફેણી; મથુરાના પેંડા, પુણાના પાન; બરાનપુરના સેલાં; પેશોરાનું રૂ; લંકાના હાથીદાંત; (નેપુરમાં મુલ્યવાન ધાતુની ખાણો છે) અને જામનગરનું કંકુ.

(૧૭) મુખ્ય નિકાસ વીગેરે—ભરતખંડની જમીનમાંથી લોઢું અને તાંબુ ખુબ નીકળે છે. બંગાળા અને મધ્યપ્રાંતોમાં કોયલા, કેટલેક ઠેકાણે સુરોખાર, પંજાબ અને રજપૂત સંસ્થાનોમાં મીઠું, બુંદેલખંડ અને પંજાબમાં સોનુ અને રત્નો, અને લંકા (સીલોન) ની આસપાસથી મોતી નીકળે છે.

એ શિવાય હિંદુસ્તાનમાં જાતજાતના ઝાડ જેવા કે શેતુરના ઝાડ, વાંસ, તાડ, નાળીએરી, ખજુરી, સાગ, સીસમ, અબનુસ, અને સુખડ, પુશકળ ઉગેછે; દક્ષિણમાં પશ્ચિમ કાંઠે મરી અને એલચીનાં ઝાડ ઉગેછે તથા મસાલા અને તેજાનાનાં વસાણા, ચા, બુંદ, કપાસ, અને તમાકુ, માળવામાં અફીણ અને ઘણે ઠેકાણે સઘળી જાતનું ધાન્ય, કંદમુળ, મેવો, શેરડી અને શાકભાજી પુશ્કળ થાય છે.

(૧૮) રૂતુ અને હવા—હિંદુસ્થાનમાં ત્રણ રૂતુ આવેછે. ૧ ચોમાસુ, ૨ શિયાળો, ૩ ઉનાળો; જુનથી અકટોબર સુધી ચોમાસુ, નવેંબરથી ફેબ્રુઆરી સુધી શીયાળો, અને માર્ચથી જુન સુધી ઉનાળો; મધ્ય અને દક્ષિણ ભાગમાં ઉનાળામાં તાપ ઘણો પડેછે અને ઉત્તર ભાગમાં શિયાળામા ટાઢ ઘણી પડેછે.

રાજ્ય વિભાગ—લંકા સિવાય આખા ભરતખંડપર ગવર્નર જનરલની સત્તાછે. તે કલકત્તામાં રહેછે. તેના હાથ નીચે મુંબઇ અને મદ્રાસ ઇલાકામાં ગવર્નરો રહેછે. તથા પંજાબ, વાવ્યપ્રાંતો અને બંગાળામાં લેફ્ટેનંટ (સહાયકારી) ગવર્નરો રહે છે.

મહૈસુર, મધ્યપ્રાંતો, અયોધ્યા, આસામ અને બ્રિટિશ બ્રહ્મદેશમાં મુખ્ય કમિશનરો રહે છે.

હૈદ્રાબાદ, મધ્યહિંદ એજન્સી, રજપુતાના, નેપાળ અને ભરતખંડના અંદરના તથા બહારના સંસ્થાનો જેવાં કે ઝાંઝીબાર, મસ્કત, ઇરાન, બલુચિસ્તાન, અફઘાનીસ્થાન તાતાર, ટિબેટ, સીયામ, વગેરે ઠેકાણે રેસીડંટ (પોલિટીકલ એજંટો) રહે છે).

(૧૯) હિંદુસ્તાનના સ્વાભાવિક છ પ્રદેશ-૧. હિમાલયની તળેટીનો ઢળતો પ્રદેશ. ૨ સિંધુ નદીનો પ્રદેશ. ૩. રેતીનું રણ. ૪ મધ્ય હિંદુસ્તાનનો અને રજપુતાનાનો ઊંચો પ્રદેશ. ૫. ગંગાનો પ્રદેશ. ૬. બ્રહ્મપુત્રાનો પ્રદેશ.

(૨૦) દક્ષિણના સ્વાભાવિક ચાર પ્રદેશ—૧. નર્મદા નદીનો પ્રદેશ. શુદ્ધ દક્ષિણ. ૩. પૂર્વ કાંઠાનો નીચાણનો પ્રદેશ. ૪. પશ્ચિમ કાંઠાનો નીચાણનો પ્રદેશ.

(૨૧) પંજાબમા આવેલા દુઆબ—૧ સિંધ સાગર દોઆબ, સીંધુ અને જેલમ વચ્ચેછે; ૨. રેચના દોઆબ ચિનાબ અને રાવી વચ્ચે છે; ૩. બારી દોઆબ-રાવી અને બીઆસ વચ્ચે છે; ૪. જાલંધર દોઆબ. બીઆસ અને સતલજની વચ્ચેછે; ૫ જેચ કે ચેજ દોઆબ જેલમ અને ચિનાબની વચ્ચે છે. આ પાંચ દુઆબથી બનેલા પ્રાંતને પંજાબ (પંચ=પાંચ અને આબ=પાણી) કહે છે.

(૨૨) મુખ્ય ભાષા—હિંદુસ્તાની, બંગાળી, ગુજરાતી, દક્ષિણી, મરેઠી, કાનડી, તામીલ, મારવાડી, પંજાબી, સીધી, કચ્છી, એ સિવાય પરદેશી દરેક ભાષાના લોકો મુંબઇ, કલકત્તા અને મદ્રાસમાં માલમ પડેછે.

પ્રકરણ ૩ જું.

યૂરોપખંડ.

સીમા - ઉત્તરે ઉત્તર મહાસાગર, પશ્ચિમે આટલાંટીક મહાસાગર, દક્ષિણે જીબ્રાલ્ટરની સામુદ્રધુની, ભૂમધ્ય સમુદ્ર, આડ્રીઆટિક

સમુદ્ર, આર્કિપેલેગો સમુદ્ર, મારમોરા સમુદ્ર, કાળો સમુદ્ર અને કાકેસસ પર્વત, પૂર્વે યૂરલ પર્વત, યૂરલ નદી, કારપીઅન સમુદ્ર અને તેની પેલીમેર એશિઆ ખંડ છે.

(નીચે લખેલા દેશની સીમા નકશાપરથી શીખવવી).

દેશના નામ............રાજધાની અને મોટાં શેહેરો

દેશના નામ	રાજધાની અને મોટાં શેહેરો
૧. ઇંગ્લાંડ................	લંડન, ટેમ્સ નદીપરછે;-લિવર્પુલ, *માનચેસ્ટર, †ન્યુકેસલ, ०બર્મિંગહામ, ० શેફીલ્ડ, લીડઝ, નોટીંગહામ, બ્રિસ્ટલ, હલ, [1]ઑાકસફર્ડ, [1]કેમ્બ્રીજ [1]ડરહામ, [2]કેન્ટર્બરી. પોર્ટસ્મથ, પ્લિમથ, [4]યોર્ક, બ્રટન, હેરો વિન્ચેસ્ટર, રગ્બી, ડોવર, સૌથાંપ્ટન, કાર્લાઇલ, ગ્રિનીચ, વીંડસર વગેરે.
વેલ્સ......................	કાર્ડિફ, સ્વાન્સી, [3]મિલ્ફર્ડહેવન, કાર્મર્થન, કાર્નર્વન, માર્થિર, ટિડવીલ.
૨. સ્કૉટ્લાંડ................	[1]એડીનબરો—[1]ગ્લાસગો, ગ્રીનાક અને લીથ બંદરો છે, ડંડી, ડંફ્રીઝ, ફાલ્કર્ક, સ્ટર્લિંગ, અને[1] આબર્ડીન.
૩. આયર્લાંડ...............	[1]ડબ્લિન, લિફી નદીપર છે—કવીન્સ્ટાઉન કીંગ્સ્ટાઉન, લિમરિક, લંડનડરી, બેલફાસ્ટ, કીંગ્સ્ટાઉન, કૉર્ક.

---

* રૂના વેપારથી પ્રખ્યાત છે. † કોયલાની ખાણો એના પાડોશમાં ઘણી છે. ० અહિંઆ છરી વીગેરે લોઢાના હથિઆરો બને છે. ૧. એમાં પાઠશાળાછે. ૨. અહિંઆ લુહાર કામ તથા ઘડીઆળો બને છે. ૩ સૌથી મોટું બંદર છે. * એમાં ધર્માધ્યક્ષ રહેછે.

૪. ફ્રાન્સ............... પારિસ, સીન નદીપર છે;—૩એન [illegible] ટુલુઝ, નેન્ટસ,, બોર્ડો, માર્સેલ્સ, લૈએ [illegible] શબર્ગ, બ્રેસ્ટ, એમીન્સ, બેયોન, ઓ-ાલયન્સ.

૫. સ્પેન............... માંડ્રિડ, માંઝનરીઝ નદીપર છે;—[1]સાલા માંકા, સારાગોસા, બાર્સિલોના વાલેન્શિયા, કેડીઝ, ઝીબ્રાલ્ટર, કોરોન્ના, ટોલેડો.

૬ પોર્ચુગાલ............... લિસ્બોન, ટેગસ નદીપરછે; ઓપોર્ટો, અને [1]કોઈમ્બ્રા.

૭ બેલજીઅમ............... બ્રસેલ્સ, સેન્ન નદીપર છે; ઘેંટ. [2]લીજ

૮ હોલાંડ (નેધર્લાંડ)......... આમસ્ટર્ડામ. વાઇ નદીપર છે; રોટર્ડામ, હેગ, [1]લીડન, યુટ્રેક્ટ, ગ્રોનીંગન.

૯ જર્મનિ............... ડાન્ટઝિગ, વિસ્ચુલા નદીપરછે, ફ્રાંકફોર્ટ, મેગડિબર્ગ, [1]મ્યુનીચ, આલ્ટોના, હામ્બર્ગ ડાન્ટઝીગ, સ્ટેટીન, બ્રીમેન, અને ગોટીંગન

પ્રુશિયા............... બર્લિન—રાજધાની છે.

સેકસની............... ડ્રેસ્ડન.

બેવેરીઆ............... મ્યુનીચ.

વર્ટેમ્બર્ગ............... સ્ટટગાર્ટ.

૧૦ ડેન્માર્ક... ... . કોપન્હેગન; અને એલ્સીનોર.

૧૧ સ્વીડન... ... . સ્ટોકહોમ મીલર સરોવરપર છે; અને કાર્લસ્ક્રોના, નૌકાસૈન્યનું સ્થળ છે. અપસલ્લા.

---

૧ એમાં પાઠશાળા છે. ૨. લુવારકામ માટે પ્રખ્યાત છે.

૧૨. નોર્વે...	...ક્રિસ્ચિઆના; બર્ગન *હામર્ફેસ્ટ.
૧૩. યુરોપી રૂશિઆ... ...	સેંટ પીટર્સબર્ગ, નીવા નદીપર છે; *મોસ્કો, રૈગા, આસ્ત્રાખાન વોલ્ગા નદીપરછે. અને સેબાસ્ટોપલ. ક્રીમીઆને કાંઠે નૌકા સૈન્યનું સ્થળછે, વાર્સા, ઓડીસા, ક્રોન્સ્ટાન્ટ, આર્કેન્જલ,
૧૪. આસ્ત્રીઆ...	વીએના, ડાન્યુબ નદીપરછે; પ્રેસબર્ગ, બ્યુડા, ઇન્સબ્રુક, અને ડેબ્રેકઝીન.
હંગરી...... ...	...પેસ્થ
બોહિમીઆ	...પ્રેગ
૧૫ સ્વિતૂઝર્લાંડ	બર્ન, આર નદીપર છે; જીનીવા, હ્રોન નદીપર છે; અને ઝુરિચમાં પાઠશાળા છે.
૧૬ ઇટાલિ	રોમ, ટૈબર નદીપર છે:—સિસિલીની રાજધાની પાલર્મો; ટયુરિન, ફ્લોરેન્સ, જીનોઆ, નેપલ્સ, વેનીસ. લેગહોર્ન, મેસીના, બ્રિન્ડીસી અને પાડુઆ.
૧૭ *યુરોપી તુર્કસ્તાન...	કોન્સ્ટાન્ટિનોપલ કે ઇસ્તંબૂલ અને આડ્રિઆનોપલ, સોલોનીકી, ગાલીપોલી.
રોમાનીઆ.............	બુચ‍રેસ્ટ.
સર્વિઆ.................	બેલગ્રેડ.
મોન્ટીનિગ્રો..............	સેટાંજે અથવા સેગીન.
૧૮ ગ્રીસ.............	આથેન્સ સ્પાર્ટા, કોરિંથ.નોપ્લિવા. થીબ્સ, કાર્ફૂ

૩ એમાં ૨ા મહીના સુંધી સુર્ય ઉનાળાના દીવસમાં આથમતો નથી અને શિયાળામાં દેખાતો નથી. રૂશિઆની અસલ રાજધાની મોસ્કો હતું.

*આ રાજયને રૂશિઆએ ૧૮૭૮માં હરાવીને તોડી પાડ્યું છે.

મુખ્ય સમુદ્ર.

૧. શ્વેત સમુદ્ર—રશિયાની ઉત્તરે.
૨. બાલ્ટિક સમુદ્ર—સ્વિડનને જર્મની અને રૂશિઆથી જુદો પાડે છે.
૩. ઉત્તર અથવા જર્મન સમુદ્ર—ઇંગ્લાંડ, જર્મની, ડેન્માર્ક વીગેરેની વચ્ચે છે.
૪. ભૂમધ્ય સમુદ્ર--યુરોપ અને આફ્રીકાની વચ્ચે છે.
૫. આડ્રિઆટિક સમુદ્ર-ઇટાલી અને તુર્કસ્તાનની વચ્ચે છે.
૬. આર્કિપેલેગો સમુદ્ર—ગ્રીસ અને એશિઆઇ તુર્કસ્તાનની વચ્ચે છે.
૭. મારમોરા સમુદ્ર-યુરોપી તુર્કસ્તાન અને એશિઆઇ તુર્કસ્તાનની વચ્ચે છે.
૮. કાળો સમુદ્ર—રૂશિઆ અને એશિઆઇ તુર્કસ્તાનની વચ્ચે છે
૯. આઝોફ સમુદ્ર રૂશિઆની દક્ષિણે છે.
૧૦. અયોનિઅન સમુદ્ર—ઇટાલી અને ગ્રીસની વચ્ચે છે.
૧૧. આઇરિશ સમુદ્ર, અને નોર્થચેનલ તથા સેન્ટ જયોર્જસચેનલ } ઇંગ્લાંડ અને આયર્લાંડની વચ્ચે છે.
૧૨. ઇંગ્લીશ ચેનલ--ઇંગ્લાંડ અને ફ્રાન્સની વચ્ચે છે

યુરોપખંડના મુખ્ય અખાત.

નીચે લખેલાં અખાતો જે દેશને કીનારે હોય તે દેશના અખાત છે એમ સમજવું.

શ્વેત સમુદ્રમાં--આર્ચેંગલ, ઓનીગા, અને કંદાલસ્ક.

બાલ્ટીક સમુદ્રમાં--બોથનિયા, ફિન્લાંડ, રૈગા, અને ડાન્ટઝીક.

ભૂમધ્ય સમુદ્રમા--લેયોન્સનો અખાત, જીનોઆનો અખાત, ટારેન્ટોનો અખાત, વેનિસનો અખાત અને લેપેન્ટોનો અખાત.

કાળા સમુદ્રમાં—ઓડીસાનો અખાત અને પેરોકોપનો અખાત.

બીજા નાના અખાત નીચે મુજબ છે.

ઈંગ્લાંડમાં—સોલ્વેફ્રર્થ, કાર્ડિગન, વૉશ, મોરીકાંબી;
સ્કોટલાંડમાં—ફ્રોર્થ, ટે, મારે, કલેડ, સોલ્વેફ્ર્ર્થ.
આયર્લાંડમાં—ડોનીગલ, સ્લૈગો, ગાલ્વેફ્રર્થ, બેલ્ફાસ્ટ, ડૉબ્લન.
ડેન્માર્કમાં—લીમ્ફ્યાર્ડ. **તુર્કસ્તાનમાં**—સોલોનીક.
ગ્રીસમાં—પટ્રાસ, લીપાંટો (કોરાંથ).

મુખ્ય ઉપસાગર.

બિસ્ક ઉપસાગર—સ્પેનની ઉત્તર અને ફ્રાન્સની પશ્ચિમે છે; **નેપલ્સનો ઉપસાગર** ઇટાલીના પશ્ચિમે છે, અને **ડબ્લિનનો** ઉપસાગર આયર્લાંડના પૂર્વ કીનારાપર છે.

મુખ્ય સામુદ્રધુની.

૧. વેગેચની સામુદ્રધુની રૂશિઆના ઉત્તરે છે, ૨. સાઉન્ડ, ૩ ગ્રેટ બેલ્ટ ૪. લીટલ બેલ્ટ એ ત્રણ સ્કગેરેક, કેટીગેટ અને બાલ્ટિક સમુદ્રને જોડે છે. ૫. ડોવરની સામુદ્રધુની જર્મન સમુદ્ર તથા ઇંગ્લીશ ચેનલને જોડે છે; ૬. જીબ્રાલ્ટરની સામુદ્રધુની ભુમધ્ય સમુદ્ર તથા આટલાંટિક મહાસાગરને જોડે છે; ૭. બોનિફેશીઓની સામુદ્રધુની કોર્સિકા અને સાર્ડીનીઆની વચ્ચે છે. ૮. મેસિનાની સામુદ્રધુની ઇટાલી અને સીસાલીની વચે છે. ૯ ઓટ્રાન્ટોની સામદ્રધુની ઇટાલી અને તુર્કસ્તાનની વચ્ચે છે. ૧૦. કોન્સ્ટાટિનોપલ અથવા બોસ્પરસની સામુદ્રધુની મારમોરા સમુદ્ર તથા કાળા સમુદ્રને જોડે છે, ૧૧. ડાર્ડેનલ્સ અથવા હેલેસ્પોંટની સામુદ્રધુની આર્કીપેલેગો અને મારમોરા સમુદ્રને જોડે છે. ૧૨. કટક અથવા યેનીકેલની સામુદ્રધુની કાળા સમુદ્રને તથા આજોફ્રના સમુદ્રને જોડે છે. ૧૩ મનાઇની સામુદ્રધુની-કાર્નાર્વન અને એંગલ્સી બેટની વચ્ચે છે.

* મુખ્ય દ્વીપ (બેટ.)

ઉ-તર મહાસાગરમા,-વેગેચ, નોવાઝેમ્બ્લા. સ્પિટસ્બર્ગન, લોફો ડન અને કોલગેવ; આટલાંટિક મહાસાગરમાં-આઇસલાંડ, ફેરો, બ્રિ ટિશઆઇલ્સ (ગ્રેટબ્રિટન અને આયર્લાંડ). એઝેરેસ તથા હેબ્રિડીઝ; બાલ ટિક સમુદ્રમાં--ડેનિશઆઇલ્સ (ઝીલાંડ, ફ્યુનેન. લેલેંડ, રૂગેન, ઓલેં ડ, ગોથલેંડ, ઓઇસેલ, માજીરો વીગેરે; ભુમધ્ય સમુદ્રમાં--બેલઆરી, ટાપુઓ (મેજ્જોરેકા, મીનોરકા, ઇવીઝા, ફોરમેન્ટરા), હોરીઝ, અશન્ટ, કોરસિકા, સાર્ડીનીઆ, સિસિલી, માલ્ટા, ગોઝો, અયોનીયન ટાપુઓ, લેમનોસ, અને કેન્ડીઆ કે ક્રીટ; આર્કિપેલેગો સમુદ્રમાં-નિગ્રોપોંટ, સાઇકલેડીસ વગેરે. ઇંગ્લાંડને કીનારે--મેન, આંગલ્સી, વાઇટ; જર્સી, ગર્નસી, આલ્ડર્ની સાર્ક એ ચાર ચેનલના ટાપુ કહેવાય છે સ્કોટલાંડ માં--આર્કની, શેટલાંડ, હેબ્રીડીઝ, આયર્લાંડમાં--વાલેન્શિઆ, આરન ક્ ઉડી.

મુખ્ય દ્વીપકલ્પ.

૧. સ્કેન્ડિનેવીઆ (નાર્વે અને સ્વીડનને કહે છે); ૨ જુતલાંડ. ડેન્માર્કની ઉ-તરે છે; ૩ ધી પેનિન્સ્યુલા (સ્પેન અને પોર્ચુગાલને કહેછે); ૪ ઇટાલી; ૫ મોરિઆ, ગ્રીસની દક્ષિણે છે; ૬ ક્રિમિઆ, રૂશિ આની દક્ષિણે છે.

મુખ્ય સંયોગી ભૂમીઓ.

૧ કોરિન્થની સંયોગીભૂમી--મોરીઆ અને ગ્રીસને સાંધે છે;

૨ પેરેકોપની સંયોગીભૂમી—ક્રિમિઆ અને રૂશિઆને સાંધે છે;

મુખ્ય ભૂશિરો.

ઈંગ્લાંડમાં--લેંડસ એન્ડ, સ્પર્નહેડ, ફ્લાંબરોહેડ, બીચીહેડ, અને હોલીહેડ; સ્કોટલાંડમાં,--ડનેટહેડ; આયર્લાંડમાં,--કલીઅર અને ફેર

*દરેક બેટ કોને તાબે છે તે નકશામા આપેલા બેટની જગ્યા અને રંગ ઉપરથી શીખવવુ.

હેડ; ફ્રાન્સના ઉત્તરે–લાહાગ, અને બાર્ફલુર; સ્પેનમાં—ઓર્ટિગલ, ફિનસ્ટર, કુઝ, અને ટ્રાફલગાર; પોર્તુગાલમાં– સેંટ વિન્સેન્ટ અને રોકા ભૂશિર. કોરસકાના ઉત્તરે—કોરસા ભૂશિર; સિસીલીના અગ્નીકોણમા પાસેરા ભૂશિર; ઈટાલીના દક્ષિણે—સ્પારટવેન્ટો અને લ્યુકા, ગ્રીસની દક્ષિણે—માટાપાન ભૂશિર; નોર્વેની ઉત્તરે—ઉત્તર ભૂશિર અને દક્ષિણે—દક્ષિણ ભૂશિર છે; આઇસલાંડમાં—નોર્ડ ભૂશિર.

મુખ્ય પર્વતો.

૧. **આલ્પ્સ,** એ ઇટાલીને સ્વીત્ઝર્લાંડ અને ફ્રાન્સથી જુદો પાડે છે. ૨ **પિરનીઝ.** ફ્રાન્સ અને સ્પેનના વચ્ચે છે. ૩. **એપીનાઇન પર્વત**—ઇટાલીમા છે, ૪. **કાર્પેથીઅન** પર્વત–ઓસ્ત્રીઆ હુંગરીમાં છે. ૫. **હીમસ** અથવા **બાલકન** અને ઓલીમ્પસ પર્વત—તુર્કસ્તાનમાં છે. ૬ **યુરલ** પર્વત—એશિઆઇ રૂશિઆ અને યુરોપી રૂશિઆની વચ્ચે છે. ૭ **કોલન** પર્વત—સ્વિડન અને નોર્વેની વચ્ચે છે, ૮. **ડાવફીલ્ડ** પર્વત–નોર્વેમાં છે, એ સિવાય ઈંગ્લાંડમાં—**ચીવિઅટ, સ્કાડો, સ્કાફેલ** અને **સ્નોડન** પર્વત છે; સ્કોટલાંડમાં—**બેન્નેવિસ;** આયર્લાંડમાં—**વિકલો,** મૉર્ને વગેરે ઘણા નહાના પહાડ છે.

જ્વાળામૂખી પહાડ.

સીસીલીમાં—**એટના.** આઇસલાંડમાં—**હેકલા.** ઇટાલીમાં—**વિસુવીઅસ.**

*મુખ્ય નદીઓ.

(૧) પેચોરા[1] નદી, ઉત્તર મહાસાગરને મળે છે ૨. મેઝેન,[1] ઉત્તર દ્વિના[1], અને ઓનીગા[1]–શ્વેત સમુદ્રને મળે છે; ૩. નીવા, દક્ષિણ

* દરેક નદી કયા કયા દેશમાં છે તે નકશા ઉપરથી શીખવવું.
૧ રૂશિઆમાં છે. ૨ જર્મનીમાં છે.

-ડિના[1], નીમેન[1], વિસ્ચુલા[2], અને ઓડર[2]—બાલ્ટિક સમુદ્રને મળે છે. ૪. એલ્બ[2], વીસર[2], એમ્સ[2], શ્રાઇન[3], મ્યુઝ. ટેમ્સ-જર્મનસમુદ્રને મળે છે. ૫. [4]સીનનદી-ઇંગ્લીશચેનલને મળેછે. ૬ સેવર્ન [5], અને માસ [5]—આયારશ સમુદ્રને મળે છે. ૭. [4]લુઓર. [4]ગેરાન બીસ્કેના ઉપસાગરને મળેછે. ૮. મીન્હો[6], ડુરો[6], ટેગસ[6], ગ્વાડીઆના અને [6]ગ્વાડલકવીવર-આટલાંટિક મહાસાગરને મળેછે. ૯. [6]ઇબ્રો, [4]રોન. [7]ટબર [7]પો અને [7]એડીઝ-ભૂમધ્ય સમુદ્રને મળેછે, ૧૦ ડાન્યુબ, નીસ્ટર[1] અને નીપર[1]-કાળા સમુદ્રને મળેછે. ૧૧ ડોન[1] આસોફના સમુદ્રને મળેછે. યુરલ[1] અને વોલગા[1] નદી-કાસ્પીઅન સમુદ્રને મળે છે. ૧૨. ઇંગ્લાંડમાં-ટેમ્સ, સેવર્ન મર્સી, ટાઇન, ટ્રેન્ટ, હમ્બર, આઉસ, ડી અને વાઇ. ૧૩. સ્કોટલાંડમાં-ટીડ, ફોર્થ. ટે, ડિ, સ્પે, નેસ, અને નિથ, ૧૪. આયર્લાંડમાં શેનન, કોઇલ, લીફી, વીગેરે. ૧૫. તુર્કસ્તાનમાં-ડાન્યુબ, સેવ અને પ્રુથ.

મુખ્ય સરોવર.

ઇંગ્લાંડમાં—ડર્વેન્ટવોટર, અલ્સવોટર અને વિન્ડર્મીર.
સ્કોટલાંડમાં—લૉક લોમોન્ડ, લોકઑરી, લૉકનેસ, વીગેરે.
આયર્લંડમાં—લૉકનિયા વીગેરે.
સ્વીડનમાં—વેનર, વેટર અને મીલર.
રૂશિઆમાં—લાડોગા, ઓનીગા, ઇલ્મેન અને પીપીસ.
ઓસ્ટ્રિઆમાં—વાલેટન, અને ન્યુંસીડલર.
સ્વિતઝર્લાંડમાં—કોન્સ્ટન્સ અને જીનીવા.
ઇટાલિમાં ગાર્ડા, કોમો અને માઝીઓરી.

---

૧ રૂશિયામાંછે. ૨ જર્મનીમાંછે. ૩ બેલજીઅમમાં છે. ૪ ફ્રાન્સમાંછે. ૫. ઇંગ્લાંડમાંછે. ૬ સ્પેનમાંછે. ૭. ઇટાલીમાં છે.

મુખ્ય નિકાસ.

ઇંગ્લાંડમાં—કાયલા, લોઢાનો સામાન અને સુતરેલ કાપડ તયાર થાય અને કલાઇ નીપજેછે. સ્કોટલાંડમાં—ઇંગ્લાંડ પ્રમાણે. આયર્લાંડમાં લીલોતરી ઘણી ઉગેછે તેથી તે લીલોબેટ કહેવાય છે.

ફ્રાન્સમાં—રૂ, સણ રેશમનાં કપડાં, મેવો, દારૂ અને બીજી કારીગિરીની ચીજો થાયછે. સ્પેનમાં—દારૂ, રેશમ, ચામડાં અને ખનિજો પુષ્કળ થાય છે. સ્વિત્ઝર્લાંડમાં—રેશમ, ઘડીઆળ અને ભરતકામ સારૂં થાય છે. બેલજીયમમાં-કોયલા અને લોઢાની ખાણો છે.

ઇટાલીમાં રેશમ, ગંધક, રસાયણી પદાર્થો આરેસ વગેરે.

તુર્કસ્તાનમાં—રેશમ, અત્તર, તમાકુ, ચામડાં, મેવો વગેરે.

ગ્રીસમાં—આમળા, તલ, સીસું ઇત્યાદી.

ધર્મ—તુર્કસ્તાનમાં મુસલમાની રાજ્ય છે. બીજા બધા દેશોમાં ખ્રિસ્તી ધર્મ ચાલેછે. ખ્રિસ્તી ધર્મમાં ત્રણ ભેદ છે. પ્રોટેસ્ટંટ, રોમન કેથોલીક અને ગ્રીક: રૂશિઆ અને ગ્રીસમાં કેટલાક લોકો ગ્રીક ધર્મ પાળે છે; ગ્રેટબ્રિટન, હોલાંડ, જર્મની, ડેન્માર્ક, સ્વીડન અને નોર્વે તથા સ્વિતઝર્લાંડના લોક પ્રોટેસ્ટંન્ટ માર્ગના છે. બાકીના દેશોના લોક ઘણુંકરીને રોમનકેથોલીક માર્ગના છે.

રાજ્ય રીતિ—તુર્કસ્તાન અને રૂશિઆમાં રાજા રાજ્ય કરેછે. સ્વીત્ઝર્લાંડ અને ફ્રાંસમા પ્રજા સત્તાક રાજ્ય છે. બાકીના દેશોમાં પ્રજાની સંમતિથી કાયદા બાંધીને રાજા રાજ્ય કરેછે. ગ્રેટબ્રિટન (ઇંગ્લાંડ અને સ્કોટલાંડ) તથા આયર્લાંડપર વિક્ટોરીઆ મહારાણી રાજ્ય કરેછે.

અંગ્રેજને તાબે.

જર્મન સમુદ્રમાં—હેલીગોલાંડ; અને ભૂમધ્ય સમુદ્રમાં—જીબ્રાલ્ટર, માલ્ટા, ગોઝો અને કોમીનો છે.

પ્રકરણ ૪ થું

આફ્રીકા ખંડ.

સીમા—ઉત્તરે ભૂમધ્ય સમુદ્ર; અને તેની પેલીગમ યુરોપખંડ છે, પશ્ચિમે આટલાંટિક મહાસાગર; પૂર્વે હિંદી મહાસાગર, સુવેજની નેહેર અને રાતો સમુદ્ર; અને દક્ષિણે દક્ષિણ મહાસાગર છે.

આફ્રિકાના મુખ્ય દેશ, ના ભાગ અને તેમની રાજધાની તથા મોટાં શેહેર નીચે મુજબછે. (દરેક દેશની સીમા નકશા પરથી શીખવવી)

૧ દેશો તથા તેના ભાગનાં નામ.	રાજધાની તથા મોટાં શેહેરનાં નામ.
૧. નિલ નદીના કાંઠાનો પ્રદેશ	
૧. ઇજીપ્ત (મિસર)	...કેરો નીલ નદીને કાંઠે છે; એલેકઝાંડ્રીઆ સ્વેઝ ગામડાં અને પોર્ટસૈયદ.
૨. ન્યુબિઆ	..........ખર્ટુમ; ન્યુડોંગોલા, સુઆકીમ અને અબ્સામ્બુલ.
૩. એબિસિનીઆ	......મગદલ્લા, અંકોબાર. ગોંડર, એંટોલા. અક્ષુમ (હબશી દેશ) ડોવા, મસોવા;
૨. ઉત્તર આફ્રિકા (બાર્બરી સંસ્થાનો)	
૧ ત્રિપોલિ (બાર્કા, ફેઝાન સહિત)	ત્રિપોલી, ડરના અને મુર્ઝાક.
૨. ટ્યુનિસ	.... ટ્યુનીસ. કેરવાન અને કેબીઝ.
૩. આલજીરીઆ	....આલજીઅર્સ, અને કોન્સ્ટન્ટાઇન;
૪. મોરાક્કો	........મોરાકકો, ફેઝ, ટેન્જીર, તેતુવાન, સ્યુતા.
૩. પશ્ચિમ આફ્રિકા—	
૧. સેનીગામ્બિઆ	... બાથર્સ્ટ, સીએરાલીઓન, સાંગલુઇ, અને ફ્રીટાઉન

૨. ઉપલો ગીની......મન્રોવીઆ, કુમાસી, દાહોમી વગેરે.
૩. નીચલો ગીની......લોઆંગો, સેંટસાલ્વાડોર, સેંટપોલડી લો-અન્ડા, અને બેંગ્વીલા.
૪. હોટેંતાત ભૂમી.—એ દેશ વિશે કંઇ જાણવા લાયક નથી.

૪. દક્ષિણ આફ્રિકા—
૧. કેપ કોલોનીઝ—
(કેપસંસ્થાન) કેપટાઉન, પોર્ટ ઇલીઝાબેથ, જોર્જટાઉન અને ગ્રેહામસ્ટાઉન.
૨. કાફ્રેરિઆ.........બતરવર્થ.
૩. નેટલ............પીટર્મારિટ્સબર્ગ અને ડર્બાન.
૪. ઝુલુદેશ...........નથી.
૫. ઓરેંજ નદીનુ સ્વતંત્ર રાજ્ય.........બ્લોમ ફોંટીન.
૬. ટ્રાંસવાલનું પ્રજા સત્તાક રાજ્ય..... પ્રિટોરીઆ.

૫. પૂર્વ આફ્રિકા --
૧ સોફાલા ....સોફાલા; અને સેના.
૨ મોઝાંબીક........મોઝાંબીક; અને કવીલીમેન.
૩ ઝાંજીબાર........ઝાંજીબાર અને મોંબસ.
૪ સોમાલી દેશમાં...બર્બરા બંદર છે.
૫ ગાલા દેશમાં......ઝૈલા બંદર છે.

૬. મધ્ય આફ્રિકા—
૧ સહરા કે મોટા રણનાં ફઝાન ટાપુમાં મુર્ઝોક શેહેર છે.
૨ સુડાન કે સીધી દેશમાં શેગો, ટિમ્બક્ટૂ, બોઆસ, કુન્ડા, કોકા, કોબી અને સાકાટુ શેહેર છે,

૩ મોટાં સરોવરોના પ્રદેશમાં મોટું શેહેર નથી.

૪ મધ્ય આફ્રિકાના દક્ષિણ ભાગમાં—ફૂરમાન (કે) લાસાકૂ, અને કાલેબેંગ, અને લિન્યાંતી.

૭. દ્વીપો—પાછળ આપ્યા છે તે વાંચો.

૨. મુખ્ય સમુદ્ર તથા અખાત.

૧. રાતો સમુદ્ર—આફ્રિકા અને અરબસ્તાનની વચ્ચે છે.

૨. ભુમધ્ય સમુદ્ર—આફ્રિકા અને યુરોપની વચ્ચે છે.

૩, સિદ્રાનો અખાત અને કેબીઝનો અખાત—આફ્રિકાની ઉત્તરે છે.

૪. બેનિન, બિઆફ્રા, અને ગિનીનો અખાત—ઉપલા ગિનીના કિનારાપર છે.

૫. ટેબલબે, ફાલ્સબે, સાલ્ડનહાબે, અલ્ગુઆબે અને ડીલાગુઆબે (એ પાંચ અખાત)—આફ્રિકાની દક્ષિણે છે.

૬. સોફાલાનો અખાત પૂર્વમાં છે. અને એડનનો અખાત—ગાળા દેશ અને અરબસ્તાનની વચ્ચે છે.

૩. મુખ્ય સામુદ્રધુની.

૧. જીબ્રાલટરની સામુદ્રધુની—આફ્રિકા અને સ્પેનની વચ્ચે છે.

૨. બાબલમાંડબની સામુદ્રધુની—આફ્રિકા અને અરબસ્તાનની વચ્ચે છે.

૩. મોઝાંબીકની સામુદ્રધુની—મોઝાંબીક અને માદાગાસ્કર બેટની વચ્ચે છે.

૪. સ્વેઝની નેહેર—ઇજીપ્ત અને સીરીઆની વચ્ચે છે.

૪. મુખ્ય ભૂશિર.

ઉત્તરમાં બોન અને સ્પાર્ટલ; પશ્ચિમે—લોપેઝ, કેપવર્ડ, કેપથ્રી પોઇન્ટસ, કેપનીગ્રો, અને કેપફ્રાયો. દક્ષિણમાં—કેપ ઓફ ગુડહોપ, અને આગ્વલ્હાસ ભૂશિર, પુર્વમાં—કોરીએન્ટીઝ, ડેલ્ગેડો અને ગ્વાર્ડાફુઇ

૫. મુખ્ય પર્વતો.

આટલસ પર્વત—બાર્બરી સંસ્થાનમાં છે. કોંગ પર્વત—ઉપલા-

ગિની અને સુડાનની વચ્ચે છે. કાલ્ઝબોંગો પર્વત—ફર્નાન્ડોપો બેટની સામે છે. કિલીમાનઝારો—પૂર્વ કાંઠાપર છે. અને લૂપાટા પર્વત—મોઝાંબીકની પશ્ચિમે છે. આબીસીનીયન પર્વત—સુડાનમાં છે. ચંદ્ર પર્વત, આલાંડ્રીકા અને ટિબેસ્ટી—મધ્ય આફ્રીકામાં છે.

૬. મુખ્ય નદીઓ.

ઇજીપ્તમાં—નીલનદી અને અત્બારા નદી, ભુમધ્ય સમુદ્રને મળે છે. **પશ્ચિમ આફ્રિકામાં**—સેનિગાલ, રીઓગ્રાંદ, કોંગો કે જેર અને ગામ્બીઆ આટલાંટિક મહાસાગરને મળે છે; અને નૈજર નદી, ગિનીના અખાતને મળે છે; દક્ષિણ આફ્રીકામાં—આરેંજ નદી, આટલાંટિક મહાસાગરને મળે છે; પૂર્વ આફ્રિકામાં ઝાંબેજી, હિંદી મહાસાગરને મળે છે; આબિસિનીયા અથવા સુદાન (સિધા) દેશમાં—બ્યુ નદી અને ટાંગાકે નદી; મધ્ય આફ્રિકામાં-કવોરા અથવા નૈજર અને શારી એ નૈજરને મળે છે. ચોબ અને શારે જાંબેજીને મળે છે.

૭. મુખ્ય સરોવર.

આબિસિનીઆમાં—ડેમ્બીઆ સરોવર; સુડાનમાં—ચાડ; મોટા સરોવર !! પ્રદેશમાં-ઉત્તરે, વિક્ટોરીઆન્યાન્ઝા, આલબર્ટ ન્યાન્ઝા, અને દક્ષિણમાં, ટાંગાનૈકા; જાંબેજી નદીપર-શિરવા અને ન્યાસા.

મુખ્ય રણ—મધ્યમાં સહરા અને ધી ગ્રેટ ડેઝર્ટ.

૮. આફ્રિકાના દ્વિપો.

આઝોરેસ, કેનેરીઝ, મદીરા, કેપવર્ડ, ફર્નાન્ડોપો, અનાબોન, પ્રીન્સટાપુ, સેન્ટ ટોમસ, સેંટહેલીના, એસેન્સન. પશ્ચિમકાંઠે છે અને જાંઝીબાર (મુખ્ય શહેર જાંઝીબાર) માડાગાસ્કર (મુખ્ય શહેર તાનાનારીબો) બુર્બોન, મોરિશીયસ (રાજધાની પોર્ટલુઇ), રોડ્રીગઝ, કામોરો બેટ, સોકોટ્રા બેટ અને સીચીલીઝ પૂર્વ કાંઠે છે.

વેપારની જણસો—હાથીદાંત, ધાન્ય, મેવો, દ્રાક્ષનો દારૂ, કપાસ, કસ્તુરી, અને શાહ મૃગના પીછાં.

૯. અંગ્રેજના તાબાના દેશો.

કેપ કોલોની, નટાલ સંસ્થાન, ગ્રીકવેલાંડવેસ્ટ, સીએરાલીઓન, કેપકોસ્ટ કેસલ, એલ્મીના, ગોલ્ડકોસ્ટ, ગેમ્બીઆ, એસેન્સન, સેંટ હેલીના, મોરિશીઅસ, સીચીલીઝ અને લાગોસ.

૧૦ પશ્ચિમ આફ્રિકાના આરાના નામ.

૧ અનાજ આરો. ૨ સુવર્નઆરો. ૩. હાથીદાંત આરો. ૪ ગુલામ આરો.

પ્રકરણ ૫ મું.

અમેરિકા ખંડ. (નવી દુનીઆ.)

સીમા—ઉત્તરે ઉત્તર મહાસાગર, પશ્ચિમે પાસિફિક મહાસાગર, દક્ષિણે દક્ષિણ મહાસાગર અને પૂર્વે આટલાંટિક મહાસાગર છે.

અમેરિકાના બે ભાગ છે. ૧ ઉત્તર અમેરિકા, અને ૨. દક્ષિણ અમેરિકા; પાનામાની સંયોગી ભૂમીથી એ બે સંધાયલા છે.

ઉત્તર અમેરિકા.

સીમા—ઉત્તરે ઉત્તર મહાસાગર, પશ્ચિમે બેહરિંગની સામુદ્રધુની, અને પાસિફિક મહાસાગર, દક્ષિણે પાસિફિક મહાસાગર, અને પાનામાની સંયોગી ભૂમી; પુર્વે કારિપયન સમુદ્ર, મેકિસકો અખાત અને આટલાંટિક મહાસાગર છે.

(નીચે લખેલા દરેક દેશની સીમા નકશા ઉપરથી શીખવવી)

મુખ્ય દેશો. **રાજધાની તથા મોટાં શેહેરો.**

૧. કાનડા ઇલાકો (બ્રિટિશ અમેરિકા.)	ઓટાવા, ટોરેંટો, માંત્રિયાળ, કિવબેક, સેંટજોન અને હાલિફાકસ બંદર છે.
૨. યુનેટેડસ્ટેટ્સ (જોડાયલા સંસ્થાનો)............	વોશિંગટન, ન્યૂયોર્ક, બ્રુકલિન, ફિલાડેલફિયા. સેંટલુઇઝ, ચિકાગો, બાલ્ટિમોર, બોસ્ટન, ન્યુ ઓરલીયન્સ અને સાંન ફ્રાંન્સીસ્કો.
૩. મેકસિકો	મેકસિકો, વેરાકૃથ, આકાપુલકો અને ટામ્પીકો.
૪. મધ્ય અમેરિકા........	..એમાં નીચે મુજબ છ સ્વતંત્ર સંસ્થાનો છે

સંસ્થાનના નામ.	મુખ્ય શેહેરનાં નામ-
૧. ગ્વાટેમાલા..........................	નવું ગ્વાટેમાલા.
૨. અંગ્રેજનું હાંડુરાશ	બેલિઝ.
૩. હાંડુરાસ	કોમાયા ગુવા.
૪. સાન્સાલ્વાડોર........................	સાનસાલ્વાડોર
૫. નિકારાગુવા..........................	માનાગુવા
૬. કોસ્ટારિકા..........................	સાંજોસે

૫. ઉત્તર અમેરિકાના દ્વીપો=(બેટ) નીચે મુજબ.

૧. ઉત્તર માહાસાગરમાં—બેંકસલેંડ, મેલવીલી, કોકબર્ન અને ગ્રીન્લેંડ.

૨. પાસિફિક માહાસાગરમાં—વાન્કોવર, કવીન્સચાર્લોટ, સીટક અને એલ્યુશીયન અથવા ફોકસ બેટો. |

૩. આટલાંટિક મહાસાગરમાં—ન્યુફાઉન્ડલેંડ (એનું મુખ્ય શેહેર સેંટજોન છે) એન્ટિકોસ્ટી, કેપબ્રીટન, પ્રીનસ એડવર્ડ બેટ, લોંગ બેટ, અને વેસ્ટઇંડીઝ (એ વેસ્ટઇંડીઝ ટાપુઓ ચાર સમુહના બનેલા છે તે નીચે મુજબ.)

(क) બહામાદ્વીપો—એમા ગ્રેટ બહામા, ન્યુ પ્રોવીડન્સ અને સાન્સાલ્વાડોર મુખ્ય છે. મુખ્ય શહેર—નાસ્સો, ન્યુપ્રૉવીડન્સમાં છે.

(ख) મોટા આંટિલીઝ—એમાં કયુબા, જામેકા, હાઈટી અથવા સાંડોમિંગો અને પોર્ટોરિકો એ મુખ્ય છે. કયુબાનું મુખ્ય શહેર—હાવાના અને જામેકાનું મુખ્ય શહેર કીંગ્સ્ટન છે.

(ग) નાના આંટિલીઝ—એને વીંડવર્ડ અથવા લીવર્ડ દ્વીપો પણ કહે છે—એમાં ટ્રિનિદાદ, બાર્બેડોઝ, (ઇંગ્રેજનાં); માર્ટિનિક (ફ્રેંચનું) અને ગ્વાડેલૂપ એ મુખ્ય છે.

(घ) બર્મુડાઝ—એમાં, આશરે ૩૦૦ નાના ટાપુ છે.

મુખ્ય પર્વત—રોકી પર્વત પશ્ચિમ કાંઠે છે અને એલીગાની પહાડ પૂર્વ કાંઠા પર (યુનૈટેડ સ્ટેટ્સમાં) છે.

મુખ્ય દ્વીપકલ્પો—(કાનડામાં) નોવાસ્કોશિયા; અને લાબ્રેડોર (યુનાઇટેડ સ્ટેટ્સમાં) ફ્લોરીડા અને આલિયાસ્કા, (મેકસિકોમાં) યુકાટાન અને નીચલો કાલિફોર્નીયા.

મુખ્ય સમુદ્ર.

કારીબિયન સમુદ્ર— ઊત્તર અને દક્ષિણ અમેરિકાની વચ્ચે છે.

મુખ્ય અખાત અને ઉપસાગર.

(કાનડામાં) ઉત્તરે, બાફ્રિન અને હડ્સન; પૂર્વે, ફંડી અને સેંટ લારેન્સનો અખાત.

(યુનૈટેડસ્ટેટ્સમાં) ડેલાવર અને ચેસાપીક.

(મેકસિકોમાં) પુર્વે મેકસિકોનો અખાત અને પશ્ચિમે કાલિફોર્નીયાનો અખાત.

(મધ્ય અમેરિકામાં) હાંડુરાસનો અખાત.

મુખ્ય સામુદ્રધુનીઓ.

કાનડામાં—બેલીઆઇલ્ન્યુફાઉન્ડલાંડ બેટ અને લાબ્રેડોરની વચ્ચે છે; ડેવિસ સ્ટ્રેટ, બાફિન ઉપસાગર અને આટલાંટિક મહાસાગરને સાંધે છે; બારો અને સ્મિથ ઉત્તર દિશાએ છે; હડસનની સામુદ્રધુની આટલાંટિક મહાસાગર અને હડસન ઉપસાગરને સાંધે છે. બેહરિંગની સામુદ્રધુની. એશિઆ અને અમેરિકાની વચ્ચે છે.

મુખ્ય ભૂશિર.

(કાનડામાં) પશ્ચિમે—ચદલી, ચાર્લ્સ અને સેબલ. (યુનૈટેડસ્ટેટ્સની) પૂર્વે—કૉડ, હાટેરાસ અને સેબલ. અને પશ્ચિમે-ફ્લાટરી.

મુખ્ય સરોવર.

(કાનડામાં) સુપીરીઅર, હ્યુરોન, એરી, આથાબાસ્કા, વિનિપેગ, ગ્રેટસ્લેવ, ગ્રેટબેર, અને કાનડા તથા યુનૈટેડસ્ટેટ્સની વચ્ચે ઓન્ટેરીઓ નામનું સરોવર છે. (યુનૈટેડસ્ટેટ્સમાં) મીચીગાન અને સૅાલ્ટ; (મધ્ય અમેરિકામાં) નિકારાગુવા.

મુખ્ય નદીઓ.

(કાનડામાં) સેંટલૉરેન્સ, મેકેન્ઝી, (યુનૈટેડસ્ટેટ્સમાં) મિસિસિપી. (એના ફાંટા—મિઝૌરી, ઓહિઓ, અને લાલ) રિઓ ગ્રાંડલ નોર્ટ, હડસન, રીઓકોલોરાડો, ડેલાવર, સસ્કવેહાના અને કોલંબીઆ.

મુખ્ય નિકાસ—ઉન, લાકડાં, માછલાં, તમાકું, બટાટા, અને ચોખા તથા કપાસ આખી પૃથ્વીમાં સૌથી સરસ અહીંઆં પાકે છે. તથા સોનું કાલીફોર્નિઆમાં ઘણું નીકળે છે.

અંગ્રેજના તાબામાં—કાનડા, ન્યુફાઉન્ડલાંડ, બરમુડાઝ, અને બ્રિટિશ હાંડુરાસ છે. અમેરિકામાં ઘણુંખરાં રાજ્યો પ્રજાસત્તાક છે.

ધર્મ—કાનડા અને યુનાઇટેડસ્ટેટ્સના યુરોપીઅન લોક અંગ્રેજી ભાષા બોલે છે અને પ્રોટેસ્ટંટ ધર્મ પાળે છે; અને બાકીના ભાગમાં વસનારા સ્પેન અને પોર્ટુગાલની બોલી બોલે છે અને રોમન કેથોલીક ધર્મ પાળે છે.

પ્રકરણ ૬ ઠું.

દક્ષિણ અમેરિકા.

સીમા—ઉત્તરે કારિબીઅન સમુદ્ર અને ડેરીઅનની સંયોગી ભૂમી; પશ્ચિમે પાસિફિક મહાસાગર; દક્ષિણે દક્ષિણ મહાસાગર અને પૂર્વે આટલાંટિક મહાસાગર છે. એના દેશો નીચે પ્રમાણે છે:—

દેશોના નામ	રાજધાની તથા મોટાં શેહેરો.
૧. કોલંબીઆ...	બોગોટા.
૨. વેનેઝુએલા	કારાકાસ.
૩. એક્વાડોર	કવીટો.
૪. ગિયાના.	
૧. ઈંગ્રેજી ગિયાના...	જોર્જટાઉન.
૨. ડચગિયાના... ...	પારા મારિબો
૩. ફ્રેંચગિયાના... ...	કાય્યેન.
૫. બ્રાઝિલ	રીઓડી જાનેરો; બાહિયા કે સાન્સાલ્વાડોર અને રીસેફ કે (પેરનામ્બુકો)
૬. પિરૂ...	લીમા કુથકો અને કાલાવ બંદર છે.
૭. બોલિવિઆ....	ઓરૂરો; લાપાથ, ચુકીસાકા અથવા સુક્રે અને પોનોસી.
૮. ચિલી...	સાન્ટીઆગોદેચિલી; અને વાલપારેઝો બંદર છે.

૯. લાપ્લાટા (આર્જેન્ટાઇન
રીપબ્લિક) ... ...બુએનોસેરિસ.
૧૦. પારાગુવાઇ ... ...આસેન્શન, એ પારાગ્વે નદીને કઠિ છે.
૧૧. ઉરૂગુવાઈ... ... ...મોન્ટીવીડીઓ.
૧૨. પાટાગોનિઆ... ... .જાણવા લાયક શેહેર નથી.
મુખ્ય સમુદ્ર–કારિબિઅન–અમેરિકા અને વેસ્ટઇંડીઝની વચ્ચે છે.

દક્ષિણ અમેરિકાના બેટ (દ્વીપ)

ચિલો અને જુઆન ફ્ર્નાંડીઝ એ ચીલીને તાબે છે. અમેરીકાની દક્ષિણે ટેરાડેલ ફુએગો ત્ગન ફોકલાંડ, દક્ષિણ જ્યોર્જીઆ અને શેટલાંડ, એ શિવાય પશ્ચિમે સેંડવીચ, ગેલેપાગોઝ અને ચીંચા.

મુખ્ય પર્વત.

આંડિઝ પર્વત—એના મુખ્ય શિખર કોટોપાહી અને ચિંબોરાઝો કોલંબિઆમાં છે અને સુરાતા અને ઇલીમાની બોલિવિઆમાં છે.

મુખ્ય અખાત તથા ઊપસાગર.

(એકવાડોરમાં) ગ્વાયકિવલનો અખાત. (કોલંબીઆમાં) ડેરીઅનનો અખાત; અને પાનામાનો ઉપસાગર; (વેનેઝુઇલામાં) વેનેઝુઇલા અને (બ્રાઝિલમાં) ઓલ સેન્ટ્ઝનો અખાત છે.

મુખ્ય નદીઓ.

(કોલંબીઆમા) માગડેલેના, (વેનેઝુઇલામાં) ઓરિનોકો, (ગિયાયાનામાં) એસકિબો અને સુરિનામ, (બ્રાઝિલમાં) આમેઝોન, ટોકાંટિન્સ, સાન્ફ્રાંસિસ્કો, (લાપ્લાટામાં) પારાના, લાપ્લાટા. (પારાગ્વેમા) પારાગ્વે, અને (ઉરૂગ્વેમાં) ઉરૂગ્વે નદી છે.

મુખ્ય સરોવર.

(વેનેઝુઇલામાં) મારાકાઇબો અને (પીરૂ અને બાલીવીઆમાં. ટિટિકાકા સરોવર છે.

મુખ્ય ભૂશિર.

(બ્રાઝિલમાં) સેંટરૉક, (ટેરાડેલફુએગોની દક્ષિણે) કેપહોર્ન અમેરિકાનું છેક દક્ષિણ બીંદુ છે.

મુખ્ય સામુદ્રધુની.

દક્ષિણમાં— માગેલનની સામુદ્રધુની. અને લીમેરની સામુદ્રધુની.

મુખ્ય નિકાસ –હીરા, સોનું, રૂપું, તાંબું, પારો, લાલમરી વગેરે.

અંગ્રેજના તાબાના મુલક— અંગ્રેજી ગીઆના, અને ફોકલાંડ વેસ્ટઇંડીઝદ્વીપોમાં—બર્મુડાઝ, જેમેકા, બાર્બેડોઝ, અને ટ્રીનીદાદ.

પ્રકરણ ૭ મું

ઓશિઆન્યા અથવા (આસ્ટ્રેલીઆખંડ)

ઉપલા ચાર ખંડ સિવાય હિંદીમહાસાગર અને પાસિફિક મહાસાગરમાં ઘણાં બેટ છે તેને હાલમાં ઓશિઆન્યા કહે છે. એ બેટના મુખ્ય ૪ ભાગ છે. તેઓના નામ ૧. ઓસ્ટ્રેલેશિઆ. ૨. મેલેનેશિઆ અથવા હિંદિઆર્કીપેલેગો. ૩. મેલેનેશિઆ. ૪. મેક્રોનેશિઆ અને પોલીનેશિઆ.

૧ ઑસ્ટ્રેલેશિઆ—એ ઑસ્ટ્રેલિઆ ટાસ્મેનિઆ અથવા વાંડીમેન્સલેંડ, ન્યૂન્ઝીલાંડ, ન્યુ કેલીડોનીઆ, ન્યુહેબ્રીડીઝ, ફીઝીદ્વીપો, સોલોમાન બેટ, ન્યુબ્રીટન, ન્યુઆયર્લાંડ, ન્યુગીની, નૉર્ફોક, ઑાકલાંડ, ચેધામ, કેમ્પબેલ, વીગેરે ટાપુનો બનેલો છે. ઑસ્ટ્રેલિઆના મુખ્ય સંસ્થાન તથા તેમના મોટાં શેહેરો નીચે મુજબ છે.

સંસ્થાન	મોટાં શેહેર.
૧. ક્વીન્સલાંડ..............	બ્રિસ્બેન, ઇપ્સ્વીચ અને રોકીંગ્હામ.

૨. ન્યુસાઉથવેલ્સ............સીડની, ન્યુકેસલ અને ગોલબર્ન.
૩. વિક્ટોરિઆ ....મેલબોર્ન, ગીલોંગ અને બેલેરાટ.
૪. દક્ષિણ ઑસ્ટ્રેલિઆ......એડીલેડ અને ગાવલર.
૫. પશ્ચિમ ઑસ્ટ્રેલિયા......પર્થ, ફ્રીમેન્ટલ, અને આલબની.

મુખ્ય પર્વત—[ક્વીન્સલાંડમાં] ઓસ્ટ્રેલિયન આલ્પ્સ, બલ્લુ પર્વત, લીવરપુલ પર્વત, અને ફ્લીંડર્સરેંજ વગેરે.

મુખ્ય નદી—[ક્વીન્સલાંડમાં] મરે, બ્રિસ્બેન, ક્લેરન્સ વીગેરે.

અખાત અને ઉપસાગર—[ક્વીન્સલાંડમાં] ઉત્તરે, કારપેંટેરિઅખાત, અને મેલવેલીબે, પૂર્વમાં, કેમ્બ્રિજનો અખાત, અને હાલીફાકસ, દક્ષિણે એન્કાઉટર ગ્રેટ આસ્ટ્રિઅન બાઇટ, કીંગજ્યોર્જ સાઉન્ડ; પશ્ચિમે ફ્લીંડર્સબે, જોગ્રાફીબે, કીંગ્સ સાઉન્ડ વીગેરે.

મુખ્ય ભૂશિર—યોર્ક, મેલવેલી, વીલસનભૂશિર, નોર્થમ્બરલેંડ, ચેથામ, લડનડરી વગેરે.

મુખ્ય સમુદ્ર—કોરલ સમુદ્ર એમાં પરવાળાં થાય છે.

મુખ્ય સામુદ્રધુની—ટારેસ એ આસ્ટ્રેલિઆ અને ન્યુંગિની વચ્ચે છે, બાસ. એ આસ્ટ્રેલીઆને ટાસ્મેનીઆથી જુદો પાડે છે.

મુખ્ય સરોવર—વીકટોરીઆ અથવા આલેકઝાંન્ડ્રીના, અને ટોરેન્સ સરોવર.

(ક) ટાસ્મેનીઆના શેહેરો—હોબર્ટ ટાઉન (રાજધાની છે,) લોન્સેટન. જોર્જટાઉન અને પોર્ટ આર્થર.

(ખ) ન્યુઝીલાંડના મુખ્ય શેહેરો—ઓકલાંડ, ન્યુપ્લીમથ, વેલીંગટન, નેપીઅર, નેલસન, પીકટન, ડન્ડી અને ક્રાઇસ્ટચર્ચ.

પહાડ—કુક નામનો છે, તેની ટોચપર સદા બરફ રહે છે.

મેલેશિયા—એના મુખ્ય બેટ તથા મુખ્ય શેહેર નીચે મુજબ છે.

બેટનાં નામ.	મુખ્ય શેહેર.
૧. સુમાત્રા	બેનકુલન.
૨. જાવા	બટેવિઆ,
૩. બેર્નિઓ	બેર્નિઓ
૪. સેલિબીઝ	મકકાસર.
૫. મોલક્કા બેટ	આમ્બોઇના.
૬ ફિલિપૈન બેટ	મનિલા,

* એને મસાલાના બેટ પણ કહે છે. તેનાં લવેંગ, જાયફળ, એલચી ઇત્યાદી તેજાના ઘણા ઉતપન્ન થાય છે.

૩. * મેલેનેશિઆ—એ નીચે લખેલા બેટના ૬ સમુહનો બનેલો છે. ૧ ન્યુગિની, ૨ એડમીરલ્ટી બેટ, ૩ ન્યુબ્રિટન, ન્યુઆયર્લાંડ; ૪ ક્વીન ચારલોટી અને સોલોમન બેટ, ૫ ન્યુહેબ્રિડીઝ; ૬ ફીઝી દ્વીપો.

૪. મિક્રોનેશિઆ અને પોલીનેશીઆ.

આખા પાસિફિક મહાસાગરમાં છુટા છુટા આવેલા ઘણુંક બેટોના જથાનો બનેલો છે. તેમાંના મુખ્ય સમુહના નામ નીચે મુજબ છે.

૧. ફ્રન્ડલિ.	૬. મારકેસસ.
૨. ફીઝી.	૭. સેન્ડવિચ.
૩. નેવીગેટર.	૮. કેરોલૈન.
૪. સોસાઇટી	૯. પિલુ.
૫. કોરલ બેટ.	૧૦. લાડોન બેટ.

આ બેટોની હવા અને પેદાશ ઘણી સારી છે, ત્યાં ખ્રિસ્તી ધર્મ ચાલે છે.

ઇંગ્રેજના તાબાના દેશો.—ન્યુસાઉથ વેલ્સ, ક્વીન્સલાંડ,

* હોપ કૃત ભુગોળમાં આ ભાગને ઑસ્ટ્રેલેશિયામાં ગણ્યો છે.

વીક્ટોરિયા, સાઉથ આસ્ટ્રેલીઆ, વેસ્ટર્ન આસ્ટ્રેલીઆ, ટારમેનીઆ અથવા વાન્ડીમેન્સલાંડ, ન્યુઝીલાંડ અને નોર્ફોક વગેરે.

દુનિઆમાં (અનુક્રમે)

૧. સૌથી મોટા પાણીના ભાગ—૧. પાસિફિક મહાસાગર, ૨. આટલાંટિક મહાસાગર, ૩ હિંદી મહાસાગર. ૪. ઉત્તર મહાસાગર અને ૫. દક્ષિણ મહાસાગર છે.

૨. સૌથી મોટા સમુદ્ર—ભૂમધ્ય સમુદ્ર અને અરબી સમુદ્ર.

૩. સૌથી મોટી નદીઓ—માઝૅારી સહિત મિસિસિપી, યેનેસી અને એમેઝોન, યાંગસેકીયાંગ, નીલ, યેનસી, ઓબી;

૪. સૌથી મોટાં સરોવર—કાસ્પિયન ખારા પાણીનું અને સુપીરીઅર મીઠા પાણીનું છે.

૫. સૌથી ઊંચો પર્વત હિમાલય પર્વત (એના સૌથી ઉંચા શિખર એવેરેસ્ટ અને ધવલગિરિ છે.) ૨. આંડીઝ. ચીમ્બોરાઝો. ઇલીમાની.

૬. સૌથી મોટું લંડન અને સૌથી સુંદર પારિસ શેહેર છે.

૭. વસ્તી અને વિસ્તારમાં સૌથી મોટા ખંડ—એશિયા છે.

૮. વિસ્તારમાં પેહેલે નંબરે, ઈંગ્લાંડનું રાજ્ય બીજે નંબરે રૂશિયાનું રાજ્ય અને ત્રીજે નંબરે ચીનનું રાજ્ય છે. પણ વસ્તીમાં ચીન સર્વથી ચઢીઆતું છે.

મુંબઇથી ઇંગ્લાંડ જવાના પાંચ રસ્તા.

અરબી સમુદ્રમાં થઇ એડન આગળ આવીને બાબલ માંડબની સામુદ્રધુનીમાં દાખલ થઇ લાલ સમુદ્ર અને સ્વેઝની નહેર ઓલંગી આલેકઝાંડ્રીઆ આગળ આગબોટ બંદર કરે છે. ત્યાંથી નીચે લખેલા ચાર રસ્તામાંથી ગમે તે રસ્તે ઇંગ્લંડ જવાય.

૧. બ્રિન્ડીસીનો રસ્તો. ૨ વેનીસનો રસ્તો. ૩ માર્સે-

દ્સનો રસ્તો. ૪ જીબ્રાલ્ટરનો રસ્તો. ઉપલા ચાર રસ્તા સિવાય વળી કેપઓવ ગુડહોપની પ્રદક્ષણા કરીને ઇંગ્લાંડ જવાય. **અસલ** એજ રસ્તે વહાણો ઈંગ્લાંડ જતાં હતાં.

દક્ષિણથી ઉત્તર તરફ વહેનારી નદીઓ—યુરોપમાં-પેચોરા, મેઝેન, દ્વીના, વીશ્ચુલા એલ્બ, રાહીન, સીન, ઓડર; **એશિયામાં**—ઓબી, યેનેસી, લીના, **આફ્રીકામાં** -નીલ **અમેરીકામાં**-એસીકવીબો, ટોકાન્ટીન્સ; મેકેન્ઝી,

યુરોપખંડની મોટી નદી ઉપરના શેહેરો.

વીશ્ચુલા—ડાન્ટઝીગ, વાર્સા અને કોનીગ્સબર્ગ.

ઓારડર—ફ્રાંકફોર્ટ અને સ્ટેટીન. **એલ્બ**—આલ્ટોના, હેંબર્ગ, મેગ્ડીબર્ગ, ડ્રેસ્ડન, અને પ્રેગ. **રાહીન**—આમસ્ટર્ડામ, લીડન, યુટ્રેક્ટ, મેન્ટ્ઝ, કાર્લસ્રુ અને કોન્સ્ટન્સ.

ભૂમધ્ય સમુદ્રને કાંઠે—કેડીઝ, જીબ્રાલ્ટર, મેલેગા, કાર્થેજીના, માર્સેલ્સ, ટુલોન, નાઇસ, નોટલીઆ, કોરીંથ, એથેન્સ, સ્મર્ના પોર્ટસૈયદ, આલેકઝાંડ્રીઆ. ડરના, ટ્યુનીસ, બોન, આલ્જીઅર્સ **વગેરે ડાન્યુબપર**—વીએના, બેલગ્રેડ, બ્યુડા, પ્રેસ્થ, પ્રેસબર્ગ વગેરે.

એશિયાની નદીપરના શહેરો—યુફ્રતીઝપર-બસ્રા, હીલા, **અને** અઝરૂમ. **તીગ્રીસ**—બગદાદ અને મોસલ; **મૈનામ**—બાંકોક; **મેકીઆંગ** સાઇગોન. **સીરદરીઆ**-તાસ્કંદ, ખોકંડ, **યાંગસેકીઆંગ**-નાનકીન,

અમેરીકાની નદીઓ—સેંટલોરેન્સ-કવીબેક, માંત્રીઆળ, કીંગ્સ્ટાઉન, ટોરેન્ટો, ચીકાગો. **મીસીસીપી**—ન્યુઓર્લીયન્સ, **સેંટલુઈ; મેકેન્ઝીપર** -મેકફર્સન, નોર્મન, સીમસન કીલ્લા છે.

સમાપ્ત.

જાહેર ખબર.

૧. **હિંદુસ્તાનનો ઇતિહાસ** ભાગ ૧ લો કી. ૦)= અને ભાગ ૨ જો, ૩ જો રૂ ૦)=॥ આ ઈતિહાસની ઢબપર હજુસુધી બીજો કોઇ ઇતિહાસ નીકળ્યો નથી. હંટરકૃત ઈતિહાસ અને બીજા અંગ્રેજી, તથા ગુજરાતી ઇતીહાસો પરથી બનાવેલા આ ઇતિહાસમાં સઘળી બીનાનો ટુંકામાં સંગ્રહ કીધો છે. શરૂઆતના તેમજ ઉપલા કલાસના, અંગ્રેજી અને ગુજરાતી સ્કુલના, વિદ્યાર્થીઓને સંતોષકારક રીતે ઉપયોગી થઇ પડે એવો આ ઇતિહાસ બનાવ્યો છે. દરેક વંશ અને રાજાના બ્યાન-નમાં જુદી જુદી બાબતના જુદા જુદા પેરેગ્રાફ પાડયા છે અને બને ચોપડીની છેક પાછળ આ દરેક પેરેગ્રાફમાંથી ઉત્પન્ન થતાં સવાલ, તથા છઠ્ઠા ધોરણની ૧૦ વરશની પરિક્ષાના સવાલ, જવાબની કુંચી સહીત, સાલવાર લડાઇઓ તથા બનાવ, વિગ્રહ અને તેમના કારણ તથા વર્ણન, મહાન પુરૂષોના વૃતાંન્ત, દરેક રાજ્યની ચઢતી પડતીના કારણ, બ્રિટીશ રાજ્ય નીતિ, પ્રાચીન ઇતિહાસ, પરચુરણ બાબતો, જેવી કે મુકાબલા, તહનામા, ધારા વગેરે બાબત બારીકીથી વર્ણવી છે. નમુના દાખલ મંગાવનાર માસ્તરને અડધી કીમતે એક નકલ આ

પીશું. આ ઇતિહાસ જરૂર જોવા તસ્દી લેશો. ૧ લો ભાગ ૪થા ધોરણ માટે ઘણો સરસ છે. તેમાં મોગલ વંશના છેલ્લા પાદશાહ મહમદ બહાદુરશાહ સુધીનું વર્ણન આપેલું છે. બાકીનો બધો ઇતિહાસ ભાગ ૨-૩ જામાં આપ્યો છે. લક્ષ પુર્વક તપાસી જોશો તો માલમ પડશે કે મોટા ઇતિહાસમાંની સઘળી બાબત આ ઇતિહાસમાં આવી જાય છે, જેમણે આ ઇતિહાસ જોયો છે તેમને પસંદ પડયા વીના રહ્યો નથી.

કોલેજો એરિથમેકના દાખલા એકસર્સાઇઝ ૧થી ૬૪મી **સુધી**–બર્નાડસ્મીથ, હેમ્બ્લીસ્મીથ, સુબારાવ, ઘોષ, કૉર્નવેલ, **અને** રીચ, ગોખલે વગેરેમાંના લગભગ ૫૦૦ દાખલા. કૃતિ, રીત, વ્યાખ્યા વગેરે સમજુતી માટે ઇંગ્રેજી સ્કુલના નીચલા ૪ ધોરણ માટે કીંમત રૂ૦–૮–૦

અઘરા દાખલા, કી=ખુલાસા સહીત

લી. **પરભુદાસ નાગરદાસ**, કીનારીવાળા.

મુ. સૈયદપરા શ્રાવકપોળ સુરત.

જાહેર ખબર.

અમારી પાસેથી નીચે લખેલી ચોપડીઓ મળશે.

* હેંબ્લિસ્મિથ, બર્નાર્ડસ્મિથ, કોલેંઝો, રાધાકૃષ્ણ, ગોખલે ઘોષ, પેન્ડલબરી, લૉક અને લેવીસ વીગેરે એરિથમેટિકમાંના અને મેટ્રીકયુલેશન અને બીજી ઘણી એકઝા. પેપરમાંના "અઘરા દાખલા" -કી=ખુલાસા સાથે ૩૦-૧૩-૦

* કોલેંઝો એરિથમેટિકના દાખલા એકસર્સાઇઝ ૧ લીથી ૬૪ સુધી—હેંબ્લિસ્મિથ તથા બર્નાર્ડસ્મિથના દાખલા અને વ્યાખ્યા, રીત તથા નમુના દાખલ કરી બનાવેલા દાખલા સહીત. આવૃત્તિ પાંચમી ૦-૮-૦

* ભૂગોળ વિદ્યા—પાંચે ખંડ તથા હિંદુસ્તાનની. ૦-૨-૦

Scholar's Register of daily marks and attendance. ... 0-1-0

The Bombay University Matriculation Examination Papers in *Arithmetic* with *Answers* from 1859 to 1886 and with *Solutions* frrm 1886 to 1892—Price Rs. 0-4-0

Do.... Do.... Do. in *Algebra* with *Answers* from 1859 to 1892 ... ...Price Rs 0--4-0

છઠા ધોરણની પરિક્ષાના

ઉમેદવારો માટે--સને ૧૮૭૯થી ૧૮૯૨ સુધીની ૧૪ વરસની (સેકંડ કલાસ) થર્ડ ગ્રેડ પ. સ. સર્ટીફીકેટ પરીક્ષાના ગણિતના સવાલો:-જવાબ, રીત વગેરે ખુલાસા સહીત ગણી બતાવેલા. કિંમત રૂ. ૦-૩-૦, જથાબંધ મંગાવનારને પુષ્કળ કમીશન આપવામાં આવશે.

પ્રસિદ્ધ કર્તા.

પરભુદાસ નાગરદાસ કીનારીવાળા.

મુ. સૈયદપરા, શ્રાવકપોળ—**સુરત.**